# શ્રી અરિહંત પરમાત્મા નું સ્વરૂપ



પરમ પૂજ્ય આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મ.

પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૧૮

# શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ

સંપાદક

પ.પૂ. આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી

પ્રકાશક


પદાર્થ-દર્શન ટ્રસ્ટ

ોડ - અમદાવાદ.

પુસ્તક-૧૮ મું
**શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ**

વીર સં. ૨૫૨૩
સને ૧૯૯૬

સંવત ૨૦૫૩
જ્ઞાન પંચમી

કિંમત
**રૂા. ૧૨-૦૦**

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન**

ટાઈપ સેટીંગ
**ભવાની ગ્રાફિક્સ**
(મનોજ ઠક્કર)
બી/૬, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, દિપાલી
ટોકીઝની પાછળ, આશ્રમરોડ,
અમદાવાદ-૯ - ફોન : ૪૬૭૯૨૧

મુદ્રક
**નીલકંઠ ઑફસેટ**
નવા વાડજ, અમદાવાદ-૧૩
ફોન : ૭૪૭૦૩૬૧

## સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂચિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્ય જ્ઞાતા આચાર્ય શ્રી *નરવાહન-સૂરિશ્વરજી.*

**આર્થિક સહયોગ**

એક સદ્ગૃહસ્થ
પરિવાર તરફથી

# પ્રકાશકીય

જગતના જીવ માત્ર ઉપર જેમનો અસીમ ઉપકાર છે- સર્વ જીવો શાસનના રસીયા બનવા દ્વારા પોતાના કલ્યાણને સાધો એવી ભાવનામાં જ રમતા-વૈરી-વ્હાલાના ભેદભાવ વિના સૌના ઉપર કરૂણા વરસાવનાર અને સૌને અનંત સુખનું સ્વામિત્વ અપાવવા ધર્મતિર્થની સ્થાપના કરનાર શ્રી અરિહંત પરમાત્માઓની આપણને ઓળખાણ છે ખરી ?

શ્રી જિનમંદિરે જઈએ છીએ- પરમાત્મા સામે હાથ જોડી વંદન કરીએ છીએ-સ્તુતિ-સ્તવના-પૂજા-ભક્તિ વગેરે કરવા છતાં એ પરમાત્માના સ્વરૂપની ઝાંખી પણ આપણને થઈ છે ખરી ? જેના આલંબને આ ભવસાગરથી પાર ઉતરવું છે-અનંત સુખના ધામ મોક્ષને મેળવવો છે-અજન્મા બનવું છે તે શ્રી અરિહંત પરમાત્મા કોણ છે ? કેવા છે ? વિગેરે જાણવું ખૂબજ જરૂરી હોઈ મહાપુરૂષોએ એ અંગે જે પ્રયાસ કર્યા છે તેવો જ પ્રયાસ પ.પૂ. આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મહારાજે પણ કર્યો છે. સાદી-સરળ ભાષામાં-ટુંકમાં છતાં સૌને સમજાય એ રીતે આ પુસ્તિકાનું લખાણ તૈયાર કરેલ છે. જે અમો આપની સમક્ષ રજુ કરતાં ઉલ્લાસ અનુભવીએ છીએ.

આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ જે સદ્‌ગૃહસ્થ પરિવારે લીધેલ છે તેઓનો અમો ખૂબ ખૂબ આભાર માની ધન્યવાદ આપીએ છીએ.

પદાર્થ દર્શન ટ્રસ્ટના
ટ્રસ્ટીઓ

## : પ્રાપ્તિ સ્થાનો :

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં.- ૬૫૬૨૩૩૭

**અશ્વિનભાઈ એસ શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.- ૨૧૪૪૩૧૪

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ
મયાભાઈની બારી પાસે
ડી.-વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૦૧
ટે. નં.-૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે.નં.-૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**
૧૦૩, વિમલવિલા, પહેલે માળે
દીપા કોમ્પલેક્ષ,
અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯

## શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ

### તારકનું સ્વરૂપ

આપણો સંબંધ ભગવાન શ્રી મહાવીર દેવની સાથે જ નથી પણ શ્રી અરિહંત માત્રની સાથે છે. રાગ દ્વેષ તથા મોહ જેમના સર્વથા નાશ પામ્યા છે, તેવા આત્માઓ એક દૃષ્ટિએ શ્રી અરિહંત ગણાવાને લાયક હોવા છતાં પણ શ્રી અરિહંતદેવો તરીકે તીર્થ સ્થાપક શ્રી જિનેશ્વરદેવોને સમજીને જ પ્રથમ નમસ્કાર શ્રી અરિહંતદેવો તરીકે કરાય છે.

જે આત્માના એ ત્રણે દોષો નાશ પામેલા હોય તેમના વચનમાં શંકા કરવાનું કોઈ કારણ જ નથી. આ જ કારણે આપણને એ પરમ ઉપકારી શ્રી અરિહંત દેવના વચન ઉપર સાચામાં સાચી અને ઉંચામાં ઉંચી શ્રદ્ધા હોવી જ જોઈએ. આપણે કોઈ રસ્તે ચાલતા આદમીની વાતને માનીને ચાલતા નથી. પણ આપણે તો, તેઓના વચનને અનુસરીને ચાલનારા છીએ કે જેઓએ પોતાની સર્વ શક્તિનો સદુપયોગ કરીને આત્માનું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ આ અનંત ચતુષ્ટય પ્રાપ્ત કર્યું છે. ત્રણે ભુવનના ભવ્ય આત્માઓને માટે કલ્યાણકારી એવા ધર્મતીર્થની સ્થાપના એ જ તારકોએ કરી છે. પ્રાણીમાત્રના હિતને કરનારા આવા અનુપમ ધર્મતીર્થને સ્થાપન કરવાની તાકાત તે પુણ્ય પુરૂષોએ શ્રી તીર્થંકર નામકર્મની નિકાચનાના યોગે જ મેળવી છે. અને સર્વોત્તમ નામકર્મની નિકાચના "સવિ જીવ કરૂં શાસન રસી" - આ ભાવનાના યોગે થઈ છે. શાસન અટલે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર !

આમાં જગતને રસિક બનાવવાની ભાવના તે પુણ્યપુરૂષની એટલી બધી બલવત્તર બની કે જેના યોગે તે તારકના હૃદયમાંથી પ્રાણિમાત્ર પ્રત્યેની કરૂણાનો ધોધ વહ્યો, એ તારકોના અંત : કરણમાં એવી ઉંચામાં ઉંચી કરૂણા પ્રકટ થઈ, કે જેના પ્રતાપે રૂપે-રંગે રૂડા, સાહ્યબીના પૂરા, સિંહાસનના માલિક છખંડના ધણી વગેરે વગેરે બધા જ તરફ ભાવ દયાનો ઝરો વહ્યો. વિચારો કે- એ તારકની ભાવ દયા કેવી ? તમારી દૃષ્ટિએ તો દયા દીન- હીનની જ

હોયને ? આ તારકને તો તેવા દીન-હીન આત્માઓની સાથે ઈન્દ્ર -ચક્રવર્તી અને મોટા શ્રીમંતો આદિ બધાની જ દયા આવી. શ્રી જૈન શાસનની આ મૂળ દયા છે અને એને જ ભાવદયા તરીકે ઓળખાવાય છે.

ભગવાનના આત્માને એમ થયું કે-આ બીચારા વિષય કષાયથી એટલા બધા ઘેરાયા છે, કે જેથી પોતાના આત્માના સ્વરૂપને ભૂલી ગયા છે. અને જો આવીને આવી જ પ્રવૃત્તિ આ જીવો ચાલુ રાખશે તો ચારગતિ રૂપ સંસારમાં રખડયા કરશે અને ભયંકર દુઃખ પામશે. માટે હું આ બધાને એવા બનાવું કે એ બધા સંસારમાં રીબાય નહિ અને પરિણામે મોક્ષના અનંત સુખને પામે !

આવી રીતની સર્વ જીવોને શાસન રસીક બનાવવાની ઉત્તમ ભાવનાની ઉત્કટતાના યોગે શ્રી તીર્થંકર નામકર્મ નિકાચીત થાય. એ નામકર્મના યોગે જે ભવમાં તે તારક તીર્થંકરપણે થાય તે ભવમાં પણ તે તારક કેવલજ્ઞાન થયા પહેલા દેશના ન દે. કારણ કે કેવલજ્ઞાન થયા બાદ જે અતિશય સંપન્ન વાણી નીકળે છે. તે તે પૂર્વે ન નીકળે. આ વગેરે કારણે સંપૂર્ણ શક્તિ ખીલ્યા બાદ જ એ તારકો દેશના દે છે. કેવલજ્ઞાન થયા પછી તો વગર ભાવનાએ પણ ઉપકારનો ઝરો વહ્યા જ કરે છે. શાસનરસિક બનાવવાની વૃત્તિનો તો ભંડાર ભર્યો જ છે. અને એના જ યોગે તે કાર્ય આપોઆપ થાય છે. અનંતજ્ઞાન થયા બાદ કોઈ વસ્તુ એવી નથી કે જેને તે તારક તેના મૂળ સ્વરૂપમાં પોતે ન જોઈ શકે ! અને એથી જ તે તારક દરેક ઉપદેશ્ય વસ્તુમાં જે જે અને જેટલા ધર્મો ઘટી શકે તે તે અને તેટલા તેટલા ધર્મોને માન્ય રાખવા પૂર્વક જ ઉપદેશ દાનાદિની પ્રવૃત્તિ તથા પ્રકારના શ્રી તીર્થંકરનામ કર્મના વેદનરૂપે તેમનામાં પ્રગટે છે (તેઓ આચરે છે) આથી જ તે પરમ તારક શ્રી તીર્થંકરદેવ સર્વોત્તમ સ્યાદ્વાદી કહેવાય છે. અને પ્રાણિ માત્રને અભયને આપનારા હોવાથી તથા અભયના જ ઉપદેશક હોવાથી અભયદાતાઓમાં પણ ઉત્તમોત્તમ અભયદાતા તરીકે ઓળખાય છે.

### શ્રી તીર્થંકરદેવોની અનાદિ સિદ્ધ ઉત્તમત્તા

પરમ ઉપકારી સુવિહિત શિરોમણિ સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હરિભદ્રસુરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-એ તારકો ગુરૂના ઉપદેશથી સમ્યક્ત્વ પામે તો પણ એ તારકોની સમ્યક્ત્વ પ્રાપ્તિમાં, એ તારકોની યોગ્યતાની જ પ્રધાનતા ગણાય, બીજાઓ માટે તેઓ જે નિમિત્તથી સમ્યક્ત્વ

પામે તે નિમિત્તની પ્રધાનતા ગણાય, જ્યારે આ તારકો ઉપદેશથી સમ્યક્ત્વ પામે તોય એ પ્રાપ્તિમાં એ તારકોની યોગ્યતાની પ્રધાનતા ગણાય. શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા જેવા આવું લખે એટલે ? એ તારકોમાં એવું મહત્વ હોય ત્યારે લખે ને ? મહાપુરૂષોએ જ્યાં અવસર આવ્યો ત્યાં એ તારકોની વિશેષતાઓ ખૂબ ઉલ્લાસથી વર્ણવી છે. જેના સ્વભાવમાં અગર મૂલમાં ઉત્તમતા ન હોય તે તેનામાં કદીય આવે જ નહિ. બાવળને ઘસ્યે પણ સુગંધ નહિ અને ચંદનને બાળ્યે પણ સુગંધ. શ્રી તીર્થંકર દેવોના આત્માઓના સ્વાભાવમાં યોગ્યતા હતી માટે પ્રગટી, કાંઈ નવી નથી આવી. શ્રી તીર્થંકર દેવોમાં જે યોગ્યતા પ્રગટી તે પહેલેથી હતી કે પછીથી આવી ? એ સ્વભાવની સાથે જોડાયેલી વસ્તુ છે. જેનો જેવો સ્વભાવ નથી તેનો તેવો સ્વભાવ કદી પણ પ્રગટવાનો નથી. વસ્તુનો સ્વભાવ એ જ ખરો ધર્મ, સ્વભાવ કયારનો ? કહેવું જ પડશે કે-અનાદિનો. શ્રી તીર્થંકરદેવના આત્મામાં તીર્થંકર થવાની લાયકાત અનાદિની. શ્રી તીર્થંકરપણું અમુક વખતે આવિર્ભાવ થયું અગર તો થશે એમ કહેવાય પણ પહેલાં એ યોગ્યતા કોઈપણ રીતિએ નહોતી અને પછી જ આવી -એમ નહિ કહેવાય. યોગ્યતા અનાદિથી હતી પણ પ્રગટી અમુક વખતે ! જો જે ન હોય તે ઉત્પન્ન થાય તો થાંભલામાં પણ કોઈકાળે પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થવું જોઈએ કે નહિ ? કદીપણ કોઈ થાંભલામાં કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ? નહિ. સ્વ પરનું કલ્યાણ કરનારા જે ગુણો એ પામ્યા ને સ્વપરના કલ્યાણકારી બન્યા તે ગુણો બીજામાં તે પ્રમાણમાં ન આવે. શ્રી તીર્થંકર નામકર્મને નિકાચવાને માટે અધિક લાયકાત જોઈએ. શ્રી તીર્થંકર નામકર્મ ને નિકાચવાની લાયકાત કોનામાં હોય ? જે આત્માઓ શ્રી તીર્થંકરદેવ થનારા હોય તે આત્માઓમાં જ એ લાયકાત હોય. અભવ્યમાં કયારેય પણ કેવલજ્ઞાન પ્રગટે ખરૂં ? નહિ જ. ! ભવ્ય જીવોમાં ભવ્યત્વરૂપ લાયકાત પહેલેથી હતી કે પછીથી આવી ? પહેલેથી હતી. તેમ જેવા થવાનું હોય તેવી લાયકાત પહેલેથી હોય. જેમ ભવ્ય જીવોને માટે ભવ્યરૂપ લાયકાત અનાદિથી તેમ શ્રી તીર્થંકરદેવના આત્માઓમાં પણ આ લાયકાત અનાદિથી. માટે કહ્યું છે કે એ આત્માઓ સમ્યક્ત્વ પામે તેમાં પણ એમની યોગ્યતા પ્રધાન. કોઈ નિમિત્તથી સમ્યક્ત્વ પામે તોય એ તારકો પોતાની યોગ્યતાની પ્રધાનતાથી પામ્યા એમ જ કહેવાય. સમજો કે એ આત્માઓ કોઈ જુદી જ

ખાણના ! જાતિગત એક ચંદન અને એક બાવળ ત્યાં શું થાય ? મણિ ઉત્તમ પાકયા તે મૂળમાં ખરા કે નહિ ? ગમે તેટલી કારીગરી કરે તોય કાચના મણિ બને ? નહિ જ - મણિ ઉપર મળ જામેલો હોય અને એથી મણિની ઉત્તમતા ઢંકાયેલી હોય તે બને, પણ મણિ ઉપરનો મળ દૂર થતાં મણિની ઉત્તમતા પ્રગટે તેને આશ્રયીને મણિમાં નવી ઉત્તમતા આવી ન કહેવાય. માટી અને સોનું ભેળા હોય અને એવી માટીને શોધીને સોનું અલગ પાડવામાં આવે, પણ તેથી માટી સોનું બને છે એમ કહેવાય ? સમજવું જોઈએ કે - લાયકાત મૂળથી જ હોય છે. પણ નવી આવતી નથી. અમુક કાળે પ્રગટે એ વસ્તુ જુદી છે. તેમ શ્રી તીર્થંકર દેવમાં કોઈ નવી લાયકાત ઉત્પન્ન થતી નથી પરંતુ મૂળથી જે લાયકાત હોય છે તે પ્રગટે છે અનેતે લાયકાત અનાદિથી જ હોય છે.

શ્રી નમુત્થુણં સૂત્રમાં પુરિસુત્તમાણં અને લોગુત્તમાણં એ બે વિશેષણો પણ આવે છે ને ? એની ટીકા વાંચો એનું વર્ણન વાંચો એમાંથી આ ભાવ નીકળશે ત્યાં ખૂલાસો કર્યો છે કે- ભગવાન લોકમા ઉત્તમ કેમ ? અભવ્યો કરતાં ભવ્યો ઉત્તમ જ છે, તો પછી ભગવાનની વિશેષતા શી ? ત્યારે કહ્યું કે ભગવાન ભવ્ય લોકમાંય ઉત્તમ શાથી ? તો કે- એ આત્માઓમાં જેવા ભવ્યત્વાદિ હોય છે તેવા બીજા આત્માઓમાં હોતા નથી. પુરૂષોત્તમ એટલે! પુરિસ નામ શરીર. શરીરમાં જે વસે તેને પુરૂષ કહેવાય પુરૂષ એટલે મનુષ્ય જ એમ નહિ. પુરિશયનાત પુરૂષ : ! એ બધામાં ઉત્તમ શાથી ? સહજ તથા ભવ્યાત્વાદિ ભાવના યોગે. એ તથાભવ્યત્વતા કેવી ? શ્રી તીર્થંકરપણાને પણ ઘસડી લાવે તેવી ! આવું ન માનીએ તો એવું માનવું પડે કે- જે આત્માઓમાં જિન થવાની યોગ્યતા ન હોય તે પણ જિન થઈ શકે અને જે આત્માઓમાં સિદ્ધ થવાની યોગ્યતા ન હોય તે પણ સિદ્ધ થઈ શકે. પણ એમ બને જ નહિ. એમ નહિ બનવાનું કારણ છે અને તે એ જ કે - એ સ્વભાવની અને યોગ્યતાની વાત છે. જે સ્વભાવ અગર તો જે યોગ્યતા અને અયોગ્યતા મૂળમાં ન હોય તે કયારેય પણ પ્રગટ થાય નહિ.- એ નિશ્ચયનયની અપેક્ષા એ સુનિશ્ચિત વાત છે.

આવા પ્રકારે મૂળમાં જ ઉત્તમતાને ધરનારા આત્માઓને માટે જરાય ઉંધું બોલાઈ જાય નહિ તેની કાળજી રાખવી જોઈએ. શ્રી અતિમુક્તક મુનિ

પાત્રને નાવ બનાવીને, નાના બાળકની જેમ પાણીમાં હોડીની જેમ ચલાવીને આવેલા. એવા આત્માને માટે પણ ભગવાને સ્થવિરોને કહ્યું કે આશાતના ન કરો. ઈરિયાવહી કરતે કરતે એ કેવલજ્ઞાન પામ્યા એ ઉત્તમતા પહેલેથી હતી ને ? ભલે એ પ્રગટી ત્યારે, પણ પ્રગટી કયાંથી ? મૂળમાં ન હોત તો તે ન પ્રગટત - એમ શ્રી તીર્થંકર દેવોના આત્માઓ પોતાની તથાવિધ યોગ્યતાથી સદા આજોડ રહ્યા છે અને રહેશે. સામગ્રીવાળી દશામાં જ્યાં સુધી એ તારકો પ્રત્યે ભક્તિ ભાવ ન જન્મે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આવે નહિ. ધર્મગુરૂથી મળે, છતાં પણ પહેલા તીર્થપતિને યાદ કરવાનું કારણ જ એ છે કે - એ મૂળ છે એ ન હોત તો ધર્મ ન મળત. બીજા પણ આપે છે તે પ્રતાપ એ તારકોનો.

સૌથી પ્રથમ પદે શ્રી અરિહંત પરમાત્મા છે અને બીજા પદે શ્રી સિધ્ધ પરમાત્મા છે. જે આત્માના આઠ કર્મ ખપે તે જ આત્મા સિધ્ધ પરમાત્મા થાય છે. અને શ્રી અરિહંત પરમાત્માને તો ચાર ઘાતી કર્મો (જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અને અંતરાય) ખપેલા હોય છે અને બાકીના ચાર અઘાતી કર્મો (વેદનીય-આયુષ્ય-નામ અને ગોત્ર) બાકી હોય છે. છતાં શ્રી અરિહંત પરમાત્મા પ્રથમ પદે કેમ ? આનો ઉત્તર એ જ છે કે- શ્રી સિધ્ધપદની પ્રાપ્તિ પણ શ્રી અરિહંત પરમાત્માને આધીન છે, માટે જ તે પ્રથમ પદે છે. જેમ સાધ્ય વિદ્યા છે, તે છતાં પણ એ માટે ગુરૂભક્તિ પ્રથમ છે.

વિદ્યામાં સમય ઓછો લેવાય તે ચાલે, પણ ગુરુ ભક્તિમાં ખામી ન જ આવવી જોઈએ, એવું વિધાન શાસ્ત્ર કહે છે. શાસ્ત્ર તો ત્યાં સુધી ફરમાવે છે કે- વિદ્યાના અર્થી એ તો ગુરૂના હૃદયગત ભાવોના પણ જાણકાર થવું જોઈએ. કારણ કે જ્ઞાન એ ગુરૂને આધીન છે. માટે વિદ્યાર્થીમાં ગુરૂ પ્રત્યે વિનય અને બહુમાન તથા તપ વગેરે બધું જ જોઈએ. તેમ શ્રી સિધ્ધપદના અર્થી માટે શ્રી અરિહંત પદ ખાસ ઉપાસ્ય છે. માર્ગદર્શક વિના ઈષ્ટપુરની પ્રાપ્તિ થતી નથી અને શ્રી અરિહંત પરમાત્મા એ માર્ગદર્શક છે માટે જ તે પહેલા છે.

શ્રી અરિહંત દેવો કે જે અઢારે દોષોથી વિમુક્ત છે, વિશુધ્ધ જ્ઞાનમય છે, તત્વોને પ્રકટ કરનાર છે, અને સુરેશ્વરો પણ જેઓની આગળ નમી

પડેલા છે. તેઓનું તમે હંમેશને માટે પણ ધ્યાન કરો.

અઢાર દોષોનું વર્ણન. ચાર ઘાતી કર્મના ઉદયથી અઢાર દોષો થાય છે.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ૧ દોષ, દર્શનાવરણીય કર્મના ઉદયથી ૧ દોષ, મોહનીય કર્મના ઉદયથી ૧૧ દોષ અને અંતરાય કર્મના ઉદયથી ૫ દોષ = ૧૮. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી એક-અજ્ઞાન નામનો દોષ. દર્શનાવરણીય કર્મના ઉદયથી એક-નિદ્રા એટલે ઉંઘવું એ નામનો દોષ. મોહનીય કર્મના ઉદયથી-૧૧ મિથ્યાત્વ-અવિરતિ- રાગ-દ્વેષ-હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય- જુગુપ્સા એટલે દુર્ગંછા અને ૧૧ કામ (વેદનો ઉદય) અંતરાય કર્મના ઉદયથી ૫ દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

૧ અજ્ઞાન દોષ- તેના બે ભેદ છે. ૧ મૂર્ખતા અને ૨ મૂઢતા. મૂર્ખતા છે એટલે ગતાગમ નથી. એક જ વાત લૂંટો ભેગું કરો ભલે લોક નિંદે કે હસે કે એ પીડાય, સંસારમાં દુર્ગતિઓમાં ભારે ત્રાસથી દંડાવું પડે તેની ખબર નથી. ચિંતા નથી અને પરવા નથી આ મૂર્ખતા કહેવાય છે.

મૂઢતા, પંડિતાઈ છે, ભણેલ છે, શાસ્ત્રો ભણેલો છે, પ્રોફેસર છે. બીજાને ભણાવે છે પણ તેની મૂઢતાના ઘરની પંડિતાઈ જો જ્ઞાન છે પણ વિવેક નથી, ભણ્યો છે પણ હૃદય પરિણત નથી બન્યું, ભણતરમાં એવો મૂંઝાયો કે તેની બધી પ્રવૃત્તિ જડ પાછળની, નરી મૂઢતા.

મૂઢતા એટલે પ્રબળ મોહથી ઘેરાઈ જવું. મૂઢ જીવની ખાસીયત કે તેના કાર્ય અવિચારી, બુધ્ધિ સ્થુલ, તીવ્ર મોહની દૃષ્ટિ તે ટૂંકી હોય અને પરિણામે એ લોકમાં બે આબરૂ થાય અને ભારે પશ્ચાત્તાપ પામે, લોક પાછળથી હાંસી કરે, ભણ્યો પણ ગણ્યો નહિ, મૂઢ લાડી-વાડી અને ગાડી પાછળ ગાંડો, આજ જીવનને સર્વસ્વ માને, પરમાર્થ કરવા બુધ્ધિ હોતી નથી, ગમ નથી, સ્વાર્થમાં આંધળો હોય, સ્વાર્થને પોષવા કાંઈક ઉંધા ચત્તા કરે આ મૂઢતાના લક્ષણો છે.

અજ્ઞાન એટલે મિથ્યા જ્ઞાન (મિથ્યા પરિણામ) જગાવનારૂં કર્મ તે મોહ. અજ્ઞાન દોષ કેટલું નુકશાન કરનારું છે તે જ્ઞાની પુરૂષો બતાવે છે.

જેટલો અવગુણ અગ્નિ ન કરે, જેટલો અવગુણ વિષ ન કરે, જેટલો

અવગુણ કાળો સર્પ ન કરે, તેટલો અવગુણ મહાદોષ રૂપ અજ્ઞાન જે છે તે કરે છે. અને અજ્ઞાન રૂપ આકરો દોષ તે મિથ્યાત્વને તીવ્ર બનાવનાર છે.

૨. નિદ્રા (ઉંઘવું) દોષ :- માણસ થાકી જાય એટલે થાક ઉતારવા માટે ઉંઘવાનું પસંદ કરે છે. અને જ્યારે જે રાત્રિએ ઉંઘ બરાબર આવી જાય અને સવારના ઉઠે એટલે આનંદ માનતો બોલે છે કે આજે કોઈ દિ' ઉંઘ ન આવી હોય તેના કરતાં સરસ ઉંઘ આવી, બધો થાક ઉતરી ગયો. જ્યારે જ્ઞાની ભગવંતો કહે છે કે ઉંઘ એ સર્વઘાતી પ્રકૃતિ કહેવાય છે તેના ઉદય કાળમાં જીવ પોતાના જ્ઞાનના ઉપયોગમાંથી ચ્યવી હું શું કરતો હતો કયા વિચારમાં હતો કયું ધ્યાન કરતો હતો તે બધું ભૂલી જાય છે. માટે તીર્થંકરના આત્માઓ ત્રીજા ભવે તીર્થંકર નામ કર્મ નિકાચના કરે છે ત્યારથી પોતાના જ્ઞાનને આત્મસાત્ કરવા માટે, જ્ઞાનના ઉપયોગમાં આત્મપરિણતિ સ્થિર કરવા માટે જે સૂત્રો-અર્થો ભણેલા હોય તેનો સ્વાધ્યાય રોજના એકવીશ કલાક એટલે સાત પ્રહર સુધી કર્યા કરે છે. અને નિદ્રા નામના દોષને જીતવાનો પ્રયત્ન કરે છે. તથા તે તીર્થંકરના આત્માઓ છેલ્લે ભવે તીર્થંકર પણે જન્મ પામીને દીક્ષાને ગ્રહણ કરે છે ત્યારથી તેઓને અભિગ્રહ હોય છે કે જ્યાં સુધી કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જમીન ઉપર પગ વાળીને એટલે પલાંઠી વાળીને બેસવું નહિ. આથી આ અવસરપિણીના પહેલા તીર્થંકર દાદા તરીકે ગણાતાં શ્રી ઋષભદેવ સ્વામી સંયમ લીધા બાદ એક હજાર વરસ સુધી ઉભા રહ્યા અને તે એક હજાર વરસના સંયમ પર્યાયમાં એક અહોરાત્રિ એટલે ચોવીશ કલાકની જ નિદ્રા આવી તે પણ વચમાં વચમાં ઝોકા આવતાં ગણત્રી કરતાં એટલી થાય. તેવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને સંયમનો સ્વીકાર કરીને સાડા બાર વરસના સંયમ પર્યાયમાં એક અંતર્મુહૂર્ત એટલે અડતાલીશ મિનિટની નિદ્રા આવી તે પણ ઝોકા આવતાં ગણત્રી કરીએ ત્યારે તેટલી નિદ્રા થાય.

આ ઉપરથી વિચાર કરવા જેવો ખરો ને ? કે તીર્થંકરોને તે ભવમાં કેવલજ્ઞાન થવાનું છે, મોક્ષે જવાના છે તો પણ આ નિદ્રા નામના દોષને કાઢવા માટે આટલો પુરૂષાર્થ કરવો પડે છે તો આપણા આત્મામાં રહેલા દોષોને કાઢવા આપણે કેટલો પુરૂષાર્થ કરવો પડશે ? પહેલા તો દોષોને દોષોરૂપે માનતા થઈએ, ઓળખતા થઈએ અને તે દોષોના કારણે ગુણ પ્રાપ્ત

થતાં નથી માટે તેને કાઢવાનો વિચાર કરતાં જઈએ અને કાઢવાનો પ્રયત્ન યથાશક્તિ કરતાં રહીએ તો ગુણોની ઓળખાણ થાય. તે ગુણો મેળવવાની જિજ્ઞાસા થાય અને પછી પ્રયત્ન કરીએ તો ગુણો પેદા થતાં થતાં આત્મિક ગુણોનો અનુભવ થાય.

૩. મિથ્યાત્વ- ભવરૂચિ=એટલે સુખમય સંસાર પ્રત્યે ગાઢ રાગ અને દુઃખમય સંસાર પ્રત્યે ગાઢ દ્વેષ. અતત્વનો આગ્રહ એટલે કે ભગવાને કહેલા તત્ત્વો પ્રત્યે આગ્રહ પેદા ન થતાં તે તત્વોમાં પોતાની માન્યતા મુજબ આગ્રહ અને તેનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરવો તે.

ભવાભિનંદીપણું = ગાઢ પુદ્ગલ રસીકતા અને પ્રતિભાસ જ્ઞાન = વિપરીત જ્ઞાન.

કોઈ જીવ અનેક પ્રકારે કષ્ટ ક્રિયા કરે, તથા પંચાગ્નિ સાધના તપશ્ચર્યાદિ કરે, પાંચે ઈન્દ્રિયોને વશ કરવા સારૂં આત્માને દમે, ધર્મને અર્થે ધન પ્રમુખનો ત્યાગ કરે, એટલા સર્વકાર્યો કરે પરંતુ જો એક મિથ્યાત્વને નથી છોડતો તો તેની ક્રિયા સર્વે વિષના ઓલવા સરખી, અશક્ય, કદાગ્રહ, હઠરૂપ જાણવી. તે જીવ સંસાર સમુદ્રમાં બૂડે કારણ કે એક મિથ્યાત્વ હોવાથી સર્વે ક્રિયા સંસાર હેતુભૂત જાણવી.

૪. અવિરતિ દોષ- અનુકૂળ પદાર્થોની ઈચ્છાઓ પેદા કરાવ્યા કરે અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે નારાજી પેદા કરાવ્યા કરે તે અવિરતિ. તે સારી મનાવે તે મિથ્યાત્વ. અવિરતિ બાર પ્રકારની છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન એ છ ને પોત પોતાના વિષયોમાં જોડવી અને પ્રતિકૂળ વિષયોથી પાછી ખસેડવી એ છ અવિરતિ. અને તે છ અવિરતિ માટે પૃથ્વીકાયાદિ છ કાયનો વધ કરવો તે છ અવિરતિ એમ બાર પ્રકારની અવિરતિ ગણાય છે. (પૃથ્વી અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ-ત્રસકાય).

૫. રાગ દોષ-રાગ એટલે આત્માને કોઈ વસ્તુ પર આસક્તિ-પરિણામ જગાડનારૂં મોહનીય કર્મ.

૬. દ્વેષ દોષ-દ્વેષ એટલે આત્માને કોઈ વસ્તુ પર અપ્રીતિ કરાવનારૂં કર્મ તે દ્વેષ.

રંગે તે રાગ, આત્મા જેનાથી રંગાય છે તે રાગ, આત્માને વસ્તુ પ્રત્યેના આકર્ષણના રંગથી રંગે છે માટે તે રાગ કહેવાય.

દ્વેષ- ધ્વિષ ધાતુ- અપસંદગી- અઠીક લાગવું-અણગમો કરવો એના પરથી બન્યો છે. રાગ રૂપે ભોગવવા યોગ્ય કર્મ તે રાગ મોહનીય કર્મ.

૧. રાગનો નાશ દશમા ગુણસ્થાનકના અંતે થાય જ્યારે દ્વેષનો નાશ નવમા ગુણસ્થાનકના અંતે થાય આથી આ વાત સૂચવે છે કે જ્યારે દ્વેષના નાશની વિશુધ્ધિ કરતાં આત્માની વિશુધ્ધિ અધિક હોય ત્યારે જ રાગનો નાશ થાય.

૨. દ્વેષનું મૂળ રાગ. કયાંક રાગ છે માટે ધ્વેષ છે. રાગ એ ધ્વેષનો બાપ છે.

૩. ધ્વેષ કાઢવો સહેલો. કારણ કે ધ્વેષમાં કાળે કાળે ઘસારો પડે પણ રાગમાં વૃધ્ધિ થતી જાય.

૪. રાગનું આયુષ્ય ધ્વેષ કરતાં ઘણું મ્હોટું હોય છે.

૫. ધ્વેષ ભૂલવો સહેલો પણ રાગ ભૂલવો બહુ કઠણ. ધ્વેષ થાય તોય રાગ જલ્દીથી ન ભૂલાય.

૬. ધ્વેષ કર્કશ લાગે, રાગ મીઠો લાગે, રાગનો રંગ લાલ ચટાક, ધ્વેષનો રંગ કાળો, રાગ કહેતાં હર્ષ અને ધ્વેષ કહેતાં નાખુશી થાય.

૭. ધ્વેષ કરવો પડે છે જ્યારે રાગ સ્હેજે થઈ જાય છે.

૮. હજીય સમજુ માણસને કદાચ ધ્વેષ ગમતો નથી, અયોગ્ય લાગે છે, પણ રાગ અયોગ્ય લાગતો નથી.

૯. કારણ કે ધ્વેષથી નુકશાન સમજાય છે. રાગથી નુકશાન થાય છે તે સમજાતું નથી. ધ્વેષ ભયંકર લાગે, રાગ ભયંકર લાગતો નથી. રાગમાં ખરાબી જણાતી નથી.

૧૦. ધ્વેષ ન કરીશ એમ જગત કહે પણ રાગ ન કરીશ એમ નથી કહેતું. એ વીતરાગનું શાસન કહે છે.

૧૧. ધ્વેષ દુર્ધ્યાન કરાવે એમ લાગે છે. પણ રાગ એથી વધારે દુર્ધ્યાન કરાવે એમ લાગતું નથી.

૧૨. ધ્વેષ જાણકારીમાં પેસે છે, રાગ બીનજાણકારીમાં પેસે છે. દ્વેષમાં ગુસ્સો થતો માલુમ પડશે માટે ધ્વેષ ઢાંકવા મોઢાનો, આંખનો દેખાવ પ્રયત્નથી ફેરવી નાખવો પડશે.પણ પેસતો રાગ દુશ્મન તરીકે કે દુર્ગુણ તરીકે માલુમ પડતો નથી. સ્હેજે ખુશીનો દેખાવ થાય છે.

૧૩. ધ્વેષ હિંસા સુધી પહોંચે ખરો પરંતુ તે પૂર્વે જો જીવ પરિણામ વિચારશે તો કદાચ પસ્તાશે અને હિંસાથી અટકશે. રાગ તો ઠેઠ આત્માની ભાવ હિંસા સુધી પહોંચશે અને ખબર નહિ પડે.

૧૪. રાગ કરનારને અને રાગના પાત્રને ન બને તો આત્મઘાત થાય છતાં ખબર પડતી નથી.

૧૫. રાગમાં બન્ને ભાન વીના ફસાય છે. કોઈ પશ્ચાતાપ નહિ. ધ્વેષની પાછળ બન્નેને ભાન અને પસ્તાવાનો અવકાશ રહે છે.

૧૬. ધ્વેષનું પાત્ર આપણા પ્રત્યે ધ્વેષી તરીકે રહે તે ગમતું નથી, પણ રાગનું પાત્ર આપણા પ્રત્યે અખંડ રાગી રહે એવું જોઈએ છે. અર્થાત્ રાગીપણું છૂટતું ય નથી અને રાગીપણું છૂટે તે ગમતું ય નથી.

૧૭. ધ્વેષ ભસીને કાટનારો કૂતરો છે જ્યારે રાગ પગ ચાટીને ફૂંકી ફૂંકીને બચકું જોરથી ભરનારો છે. સંયોગના વિયોગે રાગની ખબર પડે, ને ત્યારે રાગ ઉછળે છે.

૧૮. રાગના પાત્ર માટે બધુંય કરી છૂટે છે. ધ્વેષ પોષવા તો ઘસારો ય ન વેઠે. ધ્વેષ દુર્ગુણ છે તે હજી ખબર હશે, પણ રાગ એ આત્માનો સ્વભાવ નથી, પરંતુ દુર્ગુણ છે એ ખબર નથી.

૧૯. ધ્વેષ દીર્ઘકાળ રહે તે કેટલીકવાર ગમતું નથી, પણ રાગ લાંબો કાળ રહે તે ગમે છે. પણ એક જ વસ્તુ પર રાગ કાયમ ટકતો નથી. કારણ કે એ સ્વભાવ નથી. વળી રાગને વફાદાર રહી શકતા નથી. જ્યારે રાગને વફાદાર રહી શકાતું નથી, ત્યારે રાગ ધરવો શા માટે ? એનું કારણ જણાતું નથી અને રાગ કર્યા વિના રહી શકાતું નથી છોડવો પડશે એ ચોક્કસ છે.

૨૦. ધ્વેષ ચેતાવી દે છે, જ્યારે રાગ ઉંઘાડી દે છે.

૨૧. રાગ સર્વથા ભયંકર. ક્રોધાદિ ચારે ય રાગની સેવામાં રાગને મજબૂત કરનારા.

૨૨. રાગને લીધે મિથ્યામતિ ટકે અને મિથ્યાત્વથી રાગ પોષાય, રાગની વસ્તુ પ્રાપ્ત કરવા, સાચવવા, ભોગવવા ક્રોધાદિ ચાર છૂટથી કરાય છે.

૨૩. આઠ કર્મની જડ મોહનીય અને મોહનીયની જડ રાગ.

મોહનીયની બધી પ્રકૃતિના મૂળમાં રાગ.

૨૪. હિંસા જૂઠ ચોરીમાં સહાયક તરીકે ધ્વેષ કરતાં રાગ વધારે.

૨૫. પરમાર્થથી ચૂકાવ્યા કોને ? રાગે જ ને ?

૨૬. દુનિયા કદાચ ધ્વેષમાં ડાહી હશે પણ રાગમાં તો પાગલ જ છે.

૨૭. જીવનનાં મહાન દોષોનો પોષક રાગ.

૨૮. વિવેકી પાસે પણ અવિવેકના કાર્ય રાગ કરાવે.

૨૯. બળીયો ય જીવ રાગ પાસે માયકાંગલો. દુઃખની હોળીમાં સળગાવનાર રાગ છે.

૩૦. રાગ આત્મામાં વસ્તુ પ્રત્યે આકર્ષણનો ભાવ પેદા કરે છે આત્માને ખેંચે છે. જ્યારે ધ્વેષ આત્માને વસ્તુથી દૂર ખસેડે છે.

આમ અનેક દૃષ્ટિથી રાગ એ ધ્વેષ કરતાં ખૂબ જ બળીયો અને અનર્થકારી એટલે કે મહાન અનર્થકારી છે તેમજ એમાં બીજા દૂષણો બલાત્‌થી પોષાય છે.

રાગ અને ધ્વેષ એ બે ડાકુ આત્માના અસલી (મોક્ષ) સ્વરૂપથી આપણને પરાંઙ્મુખ રાખે છે. આ રીતે રાગ અને ધ્વેષના પર્યાયો કહ્યા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે-

પ્રાણીઓ રાગ-ધ્વેષને આધીન થઈને (વશ થઈને) અનર્થની પરંપરા પામી પોતાના જન્મને જેમ તેમ નિરર્થક (વ્યર્થ) ગુમાવે છે.

રાગ ધ્વેષને વશ થયેલા પ્રાણીઓ મોક્ષપદને પામવાને સમર્થ થતાં નથી માટે હે મનુષ્યો ! રાગ ધ્વેષને બલિષ્ટ શત્રુ જાણી તમે તેના પર આદર રહિત થાઓ ! આ રીતે રાગ-ધ્વેષને ઓળખીને તેને કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૭ હાસ્ય. ૮ રતિ. ૯ અરતિ ૧૦ શોક ૧૧ ભય અને ૧૨ જુગુપ્સા દોષોનું વર્ણન. આ છએ દોષો આત્મામાં ચાર કારણોથી વધ્યા કરે છે.

૧. દર્શન માત્રથી જીવોને હાસ્યાદિ પેદા થાય. ૨. શ્રવણ માત્રથી હાસ્યાદિ પેદા થાય. ૩. ભાષાથી એટલે બોલવાથી વાતોચીતો કરવાથી હાસ્યાદિ પેદા થતાં જાય.

આ ત્રણ બાહ્ય કારણો કહ્યા છે. અને અભ્યંતર કારણ. સ્મરણ

એટલે સ્મૃતિ કરવામાં આવે તેનાથી હાસ્યાદિ છએ દોષો જીવમાં પેદા થતાં જાય છે.

૧૩ કામ (વેદ) આ પણ એ જ રીતે વધતો જાય છે. માટે મોહમાં રાગમાં રતિમાં અને કામમાં. ૧. વર્તમાન આત્માની વિકૃત અને જાુગુપ્સનીય અવસ્થા છે. ૨. આગામી કટુ કર્મ વિપાકો અને કુસંસ્કારોની દઢતા છે. ૩. સ્વપરના આત્મહિતને સાધવાના મળેલા અમૂલ્ય અવસરની બરબાદી છે.

ઉપરાંત સ્વપરના આત્મ હિતનો ઘાત અને અહિતનું ઉપાર્જન છે. મોહ અને રાગાદિ હાસ્યાદિમાં આવા આવા ભયંકર નુકશાનો રહેલા છે. આ દોષોને દૂર કરવાનું સાધન ભગવાન શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા મુજબ જીવવું એજ કહેલું છે.

આજ્ઞા એ તો મોહાદિ વિષને ઉતારનારો પરમ મંત્ર છે.

આજ્ઞાથી મોહાદિનું સચોટ જ્ઞાન થઈ ગયા પછી આત્મામાંથી મોહાદિના ઝેરને હઠાવવાનો વીર્યોલ્લાસ અને ઉદ્યમ પ્રગટે છે. એટલું જ નહિ પણ આજ્ઞા તો ધ્વેષ-અરતિ-શોક વગેરેના અગ્નિને બુઝવનાર પાણી પણ છે. કારણ કે જેના હૈયે આજ્ઞા વસી એ હૃદયમાં હવે ઉપશમ અને ઉદાસીનતાના મેઘ વરસે છે. આજ્ઞાના અનુસરણથી અવશ્ય કર્મક્ષય થાય છે એથી જ આજ્ઞા એ મોક્ષફળને આપનાર કલ્પવૃક્ષ છે. સ્વર્ગના કલ્પવૃક્ષો આ કલ્પવૃક્ષની આગળ તુચ્છ છે.

૧૪ દાનાંતરાય. ૧૫ લાભાંતરાય ૧૬ ભોગાંતરાય ૧૭ ઉપ ભોગાંતરાય અને ૧૮ વીર્યાંતરાય આ પણ આત્માના અનંત દાન-લાભ-ભોગ-ઉપભોગ અને અનત વીર્યને પેદા કરવામાં અંતરાયભુત થતાં હોવાથી જ્ઞાનીઓએ તેને દોષ કહ્યા છે. આ અઢારે દોષોથી રહિત થયેલા હોય તે અરિહંત દેવ કહેવાય છે.

શ્રી અરિહંત પરમાત્માઓ કેવા છે ? તો કહે છે કે તેઓ વિશુધ્ધ જ્ઞાનમય છે. તીર્થંકર પરમાત્માઓ મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલા હોય છે ત્યારે પણ તેઓમાં પરાર્થ વ્યસનીપણાનો ગુણ હોવાથી મનુષ્યપણું પામે ત્યારે પણ ત્રણ ગુણોથી યુક્ત હોય છે. ૧. બીજાના દુઃખે દુઃખી. ૨. બીજાના સુખે સુખી અને ૩. કોઈને સુખી કરવા માટે તેના તરફથી દુઃખ આવી પડે તો તે દુઃખ વેઠીને પણ સુખી બનાવવાની ભાવના. એવી જ રીતે ત્રણ ગુણોને ખીલવતાં

ખીલવતાં સદ્‌ગુરૂનો યોગ પ્રાપ્ત થાય તો સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ લગભગ સહેલાઈથી થઈ શકે છે. જે વખતે સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરે તે વખતે જ તેમનો જ્ઞાનનો ક્ષયોપશમભાવ એવો જોરદાર બને છે કે જેના કારણે તેમનું જ્ઞાન વિશુધ્ધમય અનુપમ કોટિનું હોય છે. તથા જ્યારે ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચીત કરે છે ત્યારે જે જ્ઞાનનો અભ્યાસ કરે છે તે જ્ઞાનનાં સંસ્કારોને દૃઢ કરવા માટે રોજના સાત પ્રહર એટલે એકવીશ કલાક તેનો સ્વાધ્યાય કરતાં કરતાં આત્માને જ્ઞાનના ઉપયોગમાં ઓતપ્રોત કરતાં જાય છે. અને તે ઓતપ્રોતતાના કારણે ત્યારથી તેમનું જ્ઞાન વિશુધ્ધ બનતું જાય છે. ત્યાંથી દેવલોકમાં કે નરકમાં ઉત્પન્ન થાય ત્યાં પણ આ જ્ઞાનનાં સંસ્કાર સાથે લઈને જાય છે અને ત્યાં સ્વાધ્યાયમાં કાળ પસાર કરે છે. ત્યાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે ત્યારે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન એ ત્રણ સાથે લઈને આવે છે તે જ્ઞાનો બીજા જીવો કરતાં વધારે નિર્મળ હોવાથી વિશુધ્ધ જ્ઞાન કહેવાય છે.

શ્રી અરિહંત પરમાત્માઓ કેવા છે ? તત્વોને પ્રકટ કરનાર છે. તે છેલ્લા ભવમાં પુરૂષાર્થ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે ત્યારે જગતમાં જેવા સ્વરૂપે પદાર્થો રહેલા હોય છે તે તેવા સ્વરૂપે જોઈને-જાણીને જગતના જીવોને જણાવવા માટે તેવા સ્વરૂપે પ્રગટ કરે છે તેથી તત્વોને પ્રકટ કરનાર તરીકે ગણાય છે. શ્રી અરિહંત પરમાત્માઓ કેવા છે ? સુરેશ્વરો પણ જેઓની આગળ નમી પડેલા છે. એવા શ્રી અરિહંત પરમાત્માઓનું તમે હંમેશને માટે ધ્યાન ધરો.

આવા ગુણમય શ્રી અરિહંત થનારા આત્માઓ જ આ વિશ્વમાં અન્ય મુક્તિગામિ આત્માઓ કરતાં અલ્પ હોય છે.

શ્રી અરિહંત પરમાત્માઓની યોગ્યતા જ કોઈ વિશિષ્ટ પ્રકારની હોય છે. એ યોગ્યતાના યોગે તે આત્માઓ એવા થઈને શ્રી અરિહંત થાય છે કે જેના યોગે તેઓનું સ્વરૂપ વચનાતીત થઈ જાય છે. તે પુણ્યાત્માઓ માતાના ગર્ભમાં પણ વિશિષ્ટ પ્રકારના-મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન આ ત્રણે જ્ઞાનોને સાથે લઈને જ આવે છે અને એથી તે પુણ્યાત્માઓ પોતાના ચ્યવન-જન્મ-દીક્ષા-જ્ઞાન અને નિર્વાણ કલ્ણ્દાણકના સમયને ઘણી જ સારી રીતિએ જાણે છે. તે પુણ્યાત્માઓનાં એ પાંચે પ્રસંગો કલ્યાણક તરીકે ઓળખાય છે. અને

તે પાંચે પ્રસંગો બને તે સમયે ત્રણે લોકમાં ઉદ્યોત થાય છે અને પરમ દુઃખમાં પડેલા નારકીનાં જીવોને પણ સુખ થાય છે. આ પાંચે પ્રસંગો ઈન્દ્રો પોતાના સિંહાસનના કંપવાથી જાણે છે અને તેઓ પણ એ પાંચે પ્રસંગોને ઘણાં જ ઠાઠથી ઉજવે છે અને શ્રી નંદીશ્વરદ્વીપમાં જઈને મહામહોત્સવ કરે છે. આ તારકોનો એક એક પ્રસંગ જગતના જીવોને કોઈ અનેરી જ વિશિષ્ટતાઓનું પ્રદર્શન કરાવે છે. અને ભવ્ય જગત માટે એક એવું તરવાનું સાધન-ધર્મતીર્થ સ્થાપે છે કે જેની સરસાઈ કરવાને જગતનું એક પણ દર્શન હામ નથી ભીડી શકતું. એટલું જ નહિ પણ ઈતર દર્શનોમાં જે કંઈ કંઈ સારૂં દષ્ટિગોચર થાય છે તે પણ આ તારકે સ્થાપેલા ધર્મતીર્થનું જ છે. પણ બહારનું નથી. અર્થાત્ સર્વકલ્યાણના પ્રરૂપકો યા કલ્યાણકારી માર્ગ માત્રના સ્થાપકો આ તારકો સિવાય અન્ય કોઈપણ આત્માઓ છે જ નહિ એ એક સુનિશ્ચિત વાત છે.

નમો અરિહંતાણં પદની આરાધના કરતાં, ધ્યાન ધરતાં, તેમના ગુણોનું ચિંતન કરતાં દર્શન-પૂજન-નામસ્મરણ કરતાં ઉપકાર ગુણ પેદા થવો જોઈએ. ઉપકારી પ્રત્યે ઉપકાર કરવાનો ભાવ અને એમ કરતાં કરતાં અપકારી પ્રત્યે પણ ઉપકાર કરવાની ભાવના અને મનોરથો થતાં જાય તો તે અરિહંત પદની આરાધના પરિણામ પામી છે એમ ગણાય, અથવા તો અરિહંત પરમાત્મા અંતરમાં વસેલા છે એમ ગણાય. નહિતર અરિહંતની આરાધનાથી વાસ્તવિક ફળ મલે નહિ. આરાધના પરિણામ પામતી જાય તો પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતા તત્કાલ એક અંતર્મુહૂર્ત પછી અવશ્ય ઉદયમાં આવે.

શ્રી જિનેશ્વર દેવોના જીવનમાં જે બનાવો બને તે કર્મની આધીનતાથી બને કે સાવધાની પૂર્વક બને ? છોકરાને દૂધપાતાં પાતાં પણ સુવિવેકી આત્મા નિર્જરા પણ કરી શકે છે. મોહથી થાય તો પાપ એમાં ના નહિ ! પણ એમ થાય કે - શાસનને સોંપવા જેવી વસ્તુ મને મળી છે તો શાસનને સોંપવા માટે એને પોષું તો ? અહીં રહેલાઓમાં પણ કોઈ આત્મા આવો વિવેકી નીકળી જાય તો શ્રી તીર્થંકરદેવની કરણી અંતિમ ભવની વિવેક શૂન્ય કેમ જ હોય? આવે ત્યારે ત્રણે જ્ઞાન સાથે લઈને આવે અને તે પણ કેવા ? નિર્મળ કોટિના. એવા ત્રણ જ્ઞાનના ધણીની કરણીને વિવેકપૂર્વકની નહિ માનીએ તો કોની કરણીને વિવેક પૂર્વકની માનીશું ? જે બનાવો બન્યા તે કર્મના ઉદય યોગે જ

બન્યા એની ના નથી, તેવા પ્રકારનું કર્મ ન હોત તો એ ન બનત પણ એ વખતે ભગવાન્ મોહને આધીન થયેલા હતા એ કહેવું એ પાપ છે. પરણવું મોહની ક્રિયા ખરીને ? ખરી, છતાં પણ એ મોહાધીન બનીને પરણ્યા એમ ન કહેવાય. જે ભવમાં તિર્થંકરપણું પામ્યા તેની પૂર્વનાભવોમાં એવું કે - સંયમાદિની આરાધના માટે ભગવાનની આજ્ઞા મુજબ સુગુરૂનો સ્વીકાર કરવો જોઈએ.એવા સમયે જો ભગવાનની આજ્ઞાનો અનાદર કરવા દ્વારા સુગરૂની આજ્ઞામાં ન રહે તો મિથ્યા દૃષ્ટિ, અને છેલ્લા ભવમાં એમના માથે ગુરૂ નહિ, સ્વયં જગદ્‌ગુરૂ. સામાયિક ઉચ્ચરતાં એ ભન્તે ન બોલે. એ તારકે મોહનીયને ટકાવી રાખવાની પણ ક્રિયા કરી છે. કેમ કરી ? એમ ન પુછાય. એમને માટે એમ કરવું ઉચિત હતું માટે એમ કર્યું.

મોહોદયના યોગે અને મોહાધીનતાથી એ બે વચ્ચે ઘણો જ ફરક છે એ પણ સમજવાની જરૂર છે. મોહનીક્રિયા બને તે મોહોદય વિના ન બને પણ એ મોહાધીનતાથી જ બને એમ નહિ.મોહાધીનતા એટલે વિવેકનો અભાવ. શ્રી તીર્થંકરદેવોની કરણી એવી ન જ હોય એ તારકની કોઈપણ ક્રિયાને વિવેક શૂન્ય ન કહેવાય

શ્રી તીર્થંકર દેવોના આત્માઓ ચ્યવે ત્યારથી આંતર અને બાહ્ય શ્રીથી વધતા જાય છે. બધા તીર્થપતિઓના આત્માઓને માટે એ સરખો ક્રમ છે. શ્રી તીર્થપતિઓની સ્તુતિ કરતા મહાપુરૂષોએ વાપરેલાં વિશેષણો મોટે ભાગે એવા સર્વ સામાન્ય હોય છે કે - બધા જ તીર્થપતિઓને એ વિશેષણો લાગુ થઈ શકે. એ તારકોની એવી દશા હોય છે કે - જેમ જેમ એ પરમશ્રીથી વધતા જાય તેમ તેમ એ માનથી ખસતા જાય. આપણી કયી દશા છે ? જેમ જેમ લક્ષ્મી વધતી જાય તેમ તેમ જો એનો મદ વધતો જાય, દુર્ગુણો વધતા જાય, મનની પ્રવૃત્તિ ઉન્માર્ગે વધારે ઘસડાય તો માનવું કે પાપાનુબંધિ પુણ્યના યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી છે. અને લક્ષ્મી આવવા સાથે જો અભિમાન ઘટતું જાય, સદુપયોગની ભાવના વધતી જાય, સાચી નમ્રતા આવતી જાય, વાસ્તવિક દયાશીલતા આવતી જાય તો માનવું કે પુણ્યાનુબંધિ પુણ્યના યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી છે. શ્રાવકોને જેમ લક્ષ્મી આદિ સામગ્રી વધતી જાય અને સાધુઓને જેમ જ્ઞાન-માનપાન આદિ વધતા જાય તેમ ઘમંડ આદિ વધતા જાય તો માનવું કે- પાપને ઘટાડનાર નથી પણ વધારનાર છે. જ્ઞાન ભણતાં

ભણતાં ઘમંડ વધવા માંડે તો એટલો વખત ભણવાનું બંધ કરીને આત્માને સમજાવવો. વિનય વૈયાવચ્ચ આદિમાં પ્રવૃત્ત થવું. વૈદ્ય એકને ખાવાનુ કહે અને બીજાને ભૂખ્યા રહેવાનું કહે. જેવી જેની હોજરી તેમ અહીં યોગ્યતા જોવી પડે પુણ્યાનુબંધિ પુણ્યના યોગે મળતી સામગ્રી દુર્ગુણ પ્રેરક નહિ પણ સદ્‌ગુણ પ્રેરક હોય છે.

## સંસારી જીવોનાં ત્રણ પ્રકાર

અહીં તો ચરિત્રકાર પરમર્ષિએ- શ્રી જૈન ધર્મના ઉપદેશ દ્વારા હું મારી વાણીને ફલગ્રાહી બનાવવાને માટે તત્પર બન્યો છું તેનું કારણ એ છે કે- ભવ દુઃખથી ઉદ્‌વિગ્ન બનેલા આત્માનેમોક્ષના સાચા ઉપાયનો ઉપદેશ આપવો એના જેવો અન્ય કોઈ જ ઉપકાર નથી. - આ પ્રકારનો ખૂલાસો કરીને સંસારના જીવોના પ્રકારોનું વર્ણન કર્યું છે. કારણ કે - ઉપદેશ જીવને આપવાનો છે. અને સંસારના જીવોમાં એવા જીવો પણ હોય છે કે જેઓને મોક્ષના ઉપાયનો ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે તો પણ તેઓને એ હિતકરમાં હિતકર ઉપદેશ પણ રૂચિકર નિવડતો નથી. મુખ્યત્વે જીવો બે પ્રકારના છે. સંસારી અને સંસારમુક્ત. કોઈ જીવ એવો છે જ નહિ કે જે જીવનો આ બે પૈકીના એક પણ ભેદમાં સમાવેશ થતો ન હોય. સમગ્ર જીવોનું સ્થુલવર્ગીકરણ આ બે પ્રકારે કરવામાં આવે છે. સંસારમાં રહેલા અને સંસારથી મૂકાયેલા. જે જીવો સંસારમાં રહેલા છે તેઓનાં સ્થૂલ ભેદો દ્વારા ત્રણ પ્રકારો વર્ણવી શકાય છે. એ ત્રણ પ્રકારોનું વર્ણન કરતાં ચરિત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે-

જીવા : પુનસ્ત્રિધા ભવ્યા દૂર ભવ્યા અભવ્યકા : ।

ભવ્ય-દૂરભવ્ય અને અભવ્ય એમ ત્રણ પ્રકારના જીવો આ સંસારમાં છે જેમ સંસારી અને સંસારમુક્ત એ બે પ્રકારમાં જીવ માત્રનો સમાવેશ થઈ જાય છે તેમ ભવ્ય-દૂરભવ્ય અને અભવ્ય એ ત્રણ પ્રકારોમાં સંસારવર્તી જીવ માત્રનો સમાવેશ થઈ જાય છે. આવશ્યક સામગ્રી આદિનો યોગ પ્રાપ્ત થતાં ક્રમે કરીને જે જીવોમાં સંસારથી મુક્ત થવા જોગી લાયકાત હોય છે તે જીવોને ભવ્ય જીવો કહેવામાં આવે છે. મુક્તિ ગમનની યોગ્યતા એ ભવ્યતા છે, અને મુક્તિ ગમનની અયોગ્યતા એ અભવ્યતા છે. જીવની ભવ્યતા અગર તો અભવ્યતા એ અનાદિ કાલિન છે અને એથી ભવ્ય આત્માઓમાં

કદિ પણ અભવ્યતા આવતી નથી. અને અભવ્ય આત્માઓમાં કદિ પણ ભવ્યતા આવતી નથી. જે યોગ્યતા જે આત્માઓમાં અનાદિ કાલથી હોતી નથી તે યોગ્યતા તે આત્મામાં કોઈપણ કાળે પ્રગટી શકતી નથી. જે જે આત્માઓની જે જે યોગ્યતાનો આર્વિભાવ થાય છે તે તે આત્માઓમાં તે તે યોગ્યતાઓ અનાદિ કાળથી હતી તો ખરી જ. પણ તે દબાયેલી હતી એટલું જ. જેમ જડ કોઈપણ કાળે ચેતન બની શકે નહિ, અને ચેતન કોઈપણ કાળે જડ બની શકે નહિ. તેમ અભવ્યો કદિ પણ ભવ્ય બની શકે નહિ. અને ભવ્યો કદિ પણ અભવ્ય બની શકે નહિ. જો કે કોઈ પણ કાળ એવો આવવાનો જ નથી કે જે કાળે સર્વ ભવ્યાત્માઓ મુક્તિને પામી ગયા હોય : કારણ કે આવશ્યક સામગ્રી આદિ નહિ મળવાના કારણે મોક્ષને ન પામે એવું ભવ્યો માટે પણ બને છે. એવા અનંતાનંત ભવ્યો છે કે જેઓ કદિ પણ અનાદિ નિગોદમાંથી બહાર આવ્યા નથી, આવતા નથી અને આવશે પણ નહિ આમ છતાં પણ તેઓની ગણના ભવ્યોમાં જ થવાની કારણ કે- મુક્તિ ગમનની યોગ્યતા તો તે આત્માઓમા છે જ. એ જ રીતિએ અભવ્ય આત્માઓમાં તેવા પ્રકારની યોગ્યતા અનાદિ કાલથી હોતી નથી અને એથી જ જે કેટલાક અભવ્ય આત્માઓ અનાદિ નિગોદમાંથી બહાર આવ્યા છે-આવે છે અને આવશે તેમજ મોક્ષના ઉપાયની સામગ્રીને પામ્યા છે-પામે છે અને પામશે એટલું છતાંપણ તેઓ મોક્ષને પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ. આ ભવ્યતા અને અભવ્યતા જેમ અનાદિકાલીન છે તેમ દરેકે દરેક ભવ્યમાં ભિન્ન ભિન્ન વિશેષતાને પ્રગટ કરનારી તથાભવ્યત્વતા પણ અનાદિકાલીન છે. સઘળાય ભવ્યોમાં મુક્તિગમનની યોગ્યતા હોવા છતાં પણ જાતિભવ્યોની તથાભવ્યત્વતા એવી છે કે જેના યાગે તે આત્માઓ અવ્યવહાર રાશિમાં જ રહે છે અનંતાનંત ભવ્યોમાંથી પણ અમુક અમુક ભવ્યો જ અને તે પણ એકી સાથે નહિ પણ કાળે કાળે નિગોદમાંથી બહાર આવે છે એ પ્રતાપ પણ તે તે જીવોની ભિન્ન ભિન્ન તથાભવ્યત્વતાનો જ છે. જે ક્રમે ભવ્યાત્માઓ અનાદિ નિગોદમાંથી બહાર આવે છે તે ક્રમે જ તેઓ મુક્તિને પામે છે એવું પણ નથી. અનાદિ નિગોદમાંથી બહાર નીકળેલા સઘળાય ભવ્યાત્માઓનો સંસારકાળ એક સરખા પરિણામ વાળો હોતો નથી. અનાદિ નિગોદમાંથી બહાર નીકળ્યા પછીથી પણ અમુક ભવ્યાત્મા અલ્પ

કાળમાંય મુક્તિને પામે છે અને ઘણાં ભવ્યાત્માઓ નિયમા મુક્તિનેપામનારા હોવા છતાં ય અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે, તથા ધર્મની સામગ્રીને પામવા છતાં પણ અનંતકાળ સુધી ધર્મને પામતા નથી. એમાં બીજા બીજા કારણોની સાથે તથાભવ્યત્વતા પણ કારણભૂત છે. શ્રી તીર્થંકર થઈને મુક્તિને પામનારા આત્માઓની, શ્રી તીર્થંકર થવા જોગી અને શ્રી ગણધર આદિ થઈને મુક્તિને પામનારા આત્માઓની શ્રી ગણધર આદિ થવા જોગી તથાભવ્યત્વતા પણ અનાદિકાલીન હોય છે. આવા તો અનેક અનેક ભેદો ભવ્ય-ભવ્યની વચ્ચે પણ તથાભવ્યત્વતાના યોગે હોય છે. સંસારવર્તિ આત્માઓનાં સ્થૂલ ભેદો દ્વારા ચરિત્રકાર પરમર્ષિએ દર્શાવેલા ત્રણ પ્રકારોમાં ભવ્ય અને અભવ્યની વચ્ચે જે દૂરભવ્યનો પ્રકાર દર્શાવ્યો છે, તે દુરભવ્ય આત્માઓ છે તો ભવ્ય જ. પણ તેઓની તથાભવ્યત્વતા એવી હોય છે કે- તેઓની ભવ્યતા થોડા કાળમાં ફળી શકે નહિ । તેવા પ્રકારની તથાભવ્યત્વતાના યોગે જે ભવ્યાત્માઓની મુક્તિ ગમનની યોગ્યતા ઘણાં લાંબા કાળે ફળે એમ લાગે છે (હોય છે )તે આત્માઓને જ્ઞાનિઓ દૂરભવ્ય તરીકે ઓળખાવે છે.

**ભવ્ય આદિની ઓળખ**

આ ચરિત્ર ગ્રંથમાં ચરિત્રકાર-પરમર્ષિએ આગળ જે વર્ણન કર્યું છે તેના ઉપરથી એમ  સમજાય છે કે- તેઓ વ્યવહારરાશિમાં આવેલા પણ એક પુદ્‌ગલ પરાવર્તકાલમાં જ મુક્તિને નહિ પામનારા ભવ્ય આત્માઓને દૂરભવ્ય આત્માઓ તરીકે અને ચરમાવર્તમાં આવેલા એટલે એક પુદ્‌ગલ પરાવર્તકાલમાં તો નિયમા મુક્તિને પામનારા ભવ્ય આત્માઓને ભવ્ય આત્માઓ તરીકે ઓળખાવે છે. ચરિત્રકાર પરમર્ષિ હવે સંસારવર્તી જીવોનાં સ્થૂલ ભેદો દ્વારા પોતે દર્શાવેલા ભવ્ય-દૂરભવ્ય અને અભવ્ય એમ ત્રણ પ્રકારો વિષે સ્પષ્ટીકરણ કરતાં ફરમાવે છે કે-

ભવ્યા દુઃખોધ્વિજો મોક્ષં
કાંક્ષન્તિ યદિ જાનતે ॥૧૬॥
જ્ઞાનાદૌ તદુપાયે તે
પ્રવર્તન્તે ગુરોર્ગિરા
કર્મક્ષયોપશમત સ્તત્વાનિ શ્રધ્ધત્યપિ ॥૧૭॥

શિવાર્થં દૂર ભવ્યાસ્તુ
નોત્સહન્તે ક્રિયાદિષુ ।
મિથ્યાત્વારંભ મગ્નાશ્ચ
સમ્યકૃતત્વેષ્વ ના દતા : ॥૧૮॥
યેડર્હદ્ ધર્મધ્વિષો મિથ્યા
ક્રિયાભિ : સ્વપરારય : ।
ભ્રામ્યન્ત્ય ભવ્યાસ્તે ડ નંતા
નંતકાલં ભવાધ્વગા : ॥૧૯॥

દુઃખથી ઉદ્વેગને પામેલા ભવ્ય આત્માઓ જો મોક્ષને જાણે છે તો તેઓ મોક્ષની અભિલાષાવાળા બને છે. એટલું જ નહિ પણ મોક્ષની અભિલાષાવાળા બનેલા તે આત્માઓ ગુરૂના ઉપદેશથી મોક્ષના ઉપાયરૂપ જ્ઞાનાદિકને વિષે પ્રવર્તે છે. અને એ રીતિએ જ્ઞાનાદિકને વિષે પ્રવર્તેલા તેઓ પોતાના દર્શન મોહ કર્મનો ક્ષયોપશમ થતાં ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા તત્વોની શ્રધ્ધાવાળા પણ બને છે.

જે આત્માઓ દુઃખથી ઉદ્વેગને પામ્યા થકાં સારાય સંસારથી ઉદ્વેગને પામે છે, અને જો મોક્ષને જાણતા હોય છે તો મોક્ષની આકાંક્ષાવાળા બનીને મોક્ષના ઉપાયભૂત જ્ઞાનાદિને વિષે પ્રવર્તમાન બન્યા થકાં પોતાના દર્શન મોહ કર્મના ક્ષયોપશમ યોગે તત્વ શ્રધ્ધાને પામે છે, તે આત્માઓ નિયમા ભવ્ય છે, એમ કહેવામ આવ્યું છે. અથવા તો અહીં એવા પ્રકારના આત્માઓને જ ભવ્ય તરીકે ગ્રહણ કરીને શેષ આત્માઓને દુરભવ્ય અગર અભવ્ય તરીકે ગ્રહણ કરવામાં આવ્યા છે એમ પણ કહી શકાય. અભવ્ય આત્માઓતો કદાચ નવ નવ પૂર્વના જ્ઞાતા બની જાય તો પણ તેઓના અંતરમાં મોક્ષની આકાંક્ષા પ્રગટી શકે જ નહિ, એવી અયોગ્યતા તે આત્માઓમાં સ્વભાવથી જ હોય છે. મોક્ષની આકાંક્ષા પ્રગટી શકે એવી યોગ્યતા જો કે સઘળાય ભવ્યાત્માઓમાં સ્વભાવથી જ હોય છે. પરંતુ ગમે તેટલા દુઃખથી ઉદ્વેગને પામવા છતાં પણ તેઓના અંતરમાંય અચરમાવર્તકાળમાં મોક્ષની આકાંક્ષા પ્રગટી શકતી જ નથી. એ આત્માઓ પણ જ્યાં સુધી તેમનામાં સારૂં જ્ઞાન પ્રગટતું નથી ત્યાં સુધી તેઓ મોક્ષની આકાંક્ષાવાળા બનતા નથી. તેઓમાં મોક્ષની આકાંક્ષાને જન્માવનારૂં જ્ઞાન પણ ચરમાવર્તમાં જ પ્રગટી

શકે છે. અન્યથા જિનમાર્ગની કલ્પવલ્લી સમી ક્રિયાઓને અનંતીવાર પામવા છતાં પણ સ્વભાવ સિધ્ધ ભવ્યતાવાળા આત્માઓ પણ મોક્ષની રૂચિવાળા બને નહિ એવું પણ બને છે. કારણ કે મોક્ષની રૂચિ ચરમાવર્ત સિવાય સંભવતી નથી. સ્વપરના નિસ્તારની અભિલાષાવાળા વિવેકી આત્માઓએ સૌથી પહેલો પ્રયત્ન એ જ કરવા યોગ્ય છે કે ભવોદ્‌વેગ અને મોક્ષાભિલાષ જન્મે એમ કરવું, ભવોદ્‌વેગ અને મોક્ષાભિલાષ જન્મે એ હેતુથી પણ, એ હેતુ સરે એ રીતિએ જીવોને શ્રી જિનમાર્ગની ક્રિયાઓમાં જરૂર યોજી શકાય પણ સંસાર અભિલાષને કોઈપણ રીતિએ પુષ્ટિ મળે નહિ તેની કાળજી અવશ્ય રાખવી જોઈએ.સમજશક્તિના વિકાસને પામેલા આત્માઓને એ વાત ખૂબ ખૂબ સ્પષ્ટ કરીને સમજાવવી જોઈએ કે, મોક્ષના ઉપાયનું સેવન મોક્ષના હેતુથી જ કરવું જોઈએ. જે આત્માઓ ભવ્ય હોવા છતાં પણ દુરભવ્ય હોય છે, તેઓ મોક્ષના હેતુથી કોઈપણ ક્રિયા આદિમાં ઉત્સાહિત બની શકતા નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સમ્યક્તત્વોને વિષે અનાદરવાળા હોઈને તે દુરભવ્ય જીવો મિથ્યાત્વ અને આરંભમાં જ મગ્ન હોય છે. સમ્યક્તત્વોને વિષે આદરભાવ પ્રગટયા વિના મિથ્યાત્વ ખસતું નથી, અને મિથ્યાત્વતો જીવને અનેક પ્રકારે આરંભમાં જોડનાર છે. ગાઢ મિથ્યાત્વમાં રમતા આત્માઓ સંસાર સુખના જ પિપાસુ હોય છે, અને એથી એ સુખને મેળવવા-વધારવા-સાચવવા તથા ભોગવવા આદિના હેતુથી તેઓ આરંભમાં પણ સદાય નિમગ્ન રહે તે સ્વાભાવિક જ છે. આવા આત્માઓ મોક્ષના હેતુથી કોઈપણ ક્રિયાદિકમાં ઉત્સાહિત બને એ શકય જ નથી. ચરમાવર્તમાં આવ્યા બાદ જ તેઓ કોઈપણ ક્રિયાને મોક્ષના હેતુથી આચરનારા બની શકે છે. અભવ્ય આત્માઓ તો કોઈપણ કાળે મોક્ષના હેતુથી કોઈ પણ ક્રિયાને આચરનારા બની શકતા જ નથી. એટલે તો તે જીવો સંસારના શાશ્વત મુસાફરો છે. તેઓ આર્હતધર્મના ધ્વેષી હોય છે, અને મિથ્યા ક્રિયાઓ દ્વારા સ્વપરના શત્રુનું કામ કરનારા હોય છે. એવા આત્માઓના હાથે પણ કોઈનું પણ ભલું ન જ થાય એવું નથી. તેઓ પોતાના સ્વાર્થના હેતુથી પ્રવર્તતાં, તેમનાથી કોઈ કોઈનું ભલું થઈ જાય એ અસંભવિત નથી, પણ તેઓ હૃદયથી તો કોઈના પણ વાસ્તવિક કોટિના ભલાની ભાવનાવાળા હોતા નથી. આ કારણે અનંતાનંત કાલપર્યંત અભવ્ય આત્માઓ સંસારમાં પરિભ્રમણ કરે છે.

આ બધા વિવેચન ઉપરથી એમ કહી શકાય કે મોક્ષને જાણવાના યોગે મોક્ષની આકાંક્ષાવાળા બની શકે એવી સ્થિતિને જે આત્માઓ પામ્યા છે તેઓ ભવ્ય છે. મોક્ષને પામવાની સ્વભાવસિદ્ધ યોગ્યતા હોવા છતાં પણ જે આત્માઓ હજુ એવી સ્થિતિમાં છે કે મોક્ષના હેતુથી કોઈપણ ક્રિયાદિકમાં ઉત્સાહિત બની શકે જ નહિ, તે આત્માઓ દુરભવ્ય છે. અને મોક્ષના હેતુથી કોઈપણ ક્રિયાદિકમાં ઉત્સાહિત બનવા જોગી યોગ્યતાને જેઓ કોઈપણ કાળે પામી શકવાના જ નથી તે આત્માઓ અભવ્ય છે.

## ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ચાર આજ્ઞાઓનું વર્ણન

### પહેલી આજ્ઞા સાંભળવા યોગ્યને સાંભળો.

પરમ ઉપકારી સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હરિભદ્ર સુરીશ્વરજી મહારાજા ભવ્યજીવોને શ્રી જિનેશ્વરદેવોની ચાર આજ્ઞાઓનો ખ્યાલ આપતા ફરમાવે છે કે-

સુણહ સોઅવ્વાઈ પસંસહ પસસણિજ્જાઈ ।
પરિહરહ પરિહરિ અવ્વાઈ આયરહ આયરિ અવ્વાઈ ॥૧॥

ભગવાનશ્રી જિનેશ્વરદેવોની આ ચાર આજ્ઞાઓ છે. ભવ્ય જીવોને ઉદ્દેશીને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે તીર્થની સ્થાપના કરી છે તેનો એટલે કે સઘળીય શ્રી જિનાજ્ઞાઓનો આ ચાર આજ્ઞાઓમાં સમાવેશ થઈ જાય છે. આ ચાર આજ્ઞાઓને જે પાળે તે સંસારમાં રૂલે નહિ. આ ચાર આજ્ઞાઓ જેના હૈયામાં બરાબર વસી જાય તે દુઃખના પ્રસંગમાં પણ મુંઝાય નહિ.

આ ચાર આજ્ઞાઓમાં પહેલી આજ્ઞા એ છે કે- સાંભળવા યોગ્યને સાંભળો ! અર્થાત એ વાતોને સાંભળવાની બંધ કરો કે જે વાતો આત્માના હિતને માટે સાંભળવા લાયક ન હોય, અને તે વાતો જરૂર સાંભળો કે જે વાતો આત્માના હિતને માટે સાંભળવી જરૂરી હોય. જેને મુક્તિને પમાડનારી સમતા જોઈતી હોય તેને માટે આ જરૂરી છે.

અહીં પેલી વાત બરાબર લાગુ થઈ શકે છે. કયી ?

"આત્મપ્રવૃતૌ અતિજાગરૂક : પર પ્રવૃતૌ બધિરાન્ધમૂક : । અને સદા ચિદાનંદપદોપયોગી ।"

જેને સમતા જોઈતી હોય તેણે શું કરવું જોઈએ ? કયા ગુણો કેળવવા જોઈએ ? આત્માને માટે હિતકારી પ્રવૃત્તિઓમાં અપ્રમાદી બની જવું જોઈએ.

અને જે પ્રવૃત્તિઓ આત્માને માટે અહિતકારી હોય તેને સાંભળવાને માટે બહેરા, તેવી વસ્તુઓને જોવા માટે આંધળા અને તેવી વાતોને કરવાને માટે મુંગા બની જવું જોઈએ. એમ જ્ઞાનિઓ ફરમાવે છે. એ બહેરાપણું, એ અંધાપો અને એ મુંગાપણું આત્માને ડૂબાડનાર નથી પણ અનેકવિધ પાપોથી બચાવનાર છે. અને જો એની સાથે આત્માની હિતકર પ્રવૃત્તિઓમાં અપ્રમત્તપણું કેળવાય તો તે આત્માને તાર્યા વિના રહે જ નહિ.

આત્માના હિતને હણનારી વાતોને સાંભળવા માટે તો તમે બહેરા જ છો ને ? તમે એમાં હા નહિ કહી શકો. માનો કે તમે એવા બહેરા નથી પણ એવુ બહેરાપણું લાવવાની ઈચ્છાય છે કે નહિ ? એવું બહેરાપણું લાવવા માટે કાનને બહેરા નહિ કરવા પડે. પણ આત્માને જાગ્રત કરવો પડશે. જેનો આત્મા જાગૃત થાય તે આપોઆપ એવી વાતો સાંભળવાને માટે બધિર બની જાય. આ માટે કેવા બનવું જોઈએ ? સદા ચિદાનંદપદોપયોગી અર્થાત સદા મોક્ષપદના ઉપયોગવાળા બનવું જોઈએ અને તો જ એ વસ્તુ આવે.

બીજી આજ્ઞા

**પ્રશંસા યોગ્યની પ્રશંસા કરો.**

પ્રશંસા તેની કરો જે પ્રશંસાને યોગ્ય હોય. જ્ઞાનીઓ ફરમાવે છે કે-કેવળ જીભની ચળ ઉતારવાને માટે ગમે તેવાને પણ સારા કહેવાની પાગલ બુદ્ધિને, અને એ મને સારો કહે છે એ માટે મારે પણ તેને સારો કહેવો જોઈએ એ જાતિની હેવાનીયતને છોડો. ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલો જેની તેની એ પ્રશંસા કરે નહિ. તે પ્રશંસા તેની જ કરે કે જે પ્રશંસા યોગ્ય હોય । જેની પ્રશંસા કરવામાં સ્વનુ અને પરનું આત્મહિત સમાયેલું હોય, કોઈનાપણ આત્મહિતને નુકશાન થાય તેમ ન હોય, તેની જ પ્રશંસા કરાય. પ્રશંસા યોગ્યની પ્રશંસા કરવામાં સંકોચ રાખવો નહિ અને જે પ્રશંસાને યોગ્ય ન હોય તેની પ્રશંસા કરવાનો વિચાર સરખો ય કરવાનો નહિ.

ત્રીજી આજ્ઞા

**પરિહરવા યોગ્યનો પરિહાર કરો**

સાંભળવા યોગ્યને સાંભળ્યા પછીથી જે જે વસ્તુઓ પરિહરવા યોગ્ય લાગે તે તે વસ્તુઓનો પરિહાર કરવાને માટે ઉદ્યમશીલ બનવું જોઈએ. સાંભળ્યું સફળ ક્યારે । એની જીવનમાં છાયા આવે ત્યારે । એ માટે જ્ઞાનીઓએ જે

જે વસ્તુઓને તજવા જેવી કહી છે, જેના યોગે આત્માનું અનાદિકાળથી અહિત થઈ રહ્યું છે તે તે વસ્તુને તજો ।

ચોથી આજ્ઞા

## આચરવા યોગ્યને આચરો

તજવા યોગ્યને તજ્યા પછીથી કરવાનું શું ? એ માટે ચોથી આજ્ઞા છે. આચરવા યોગ્યને આચરો. આત્માના હિતને માટે જે હાનિકાર તેનો ત્યાગ અને આત્માના હિતને માટે જે જરૂરી તેનો સ્વીકાર. અપ્રશસ્ત પ્રવૃત્તિનો ત્યાગ અને પ્રશસ્ત પ્રવૃત્તિનો સ્વીકાર ! આથી સમજો કે નિવૃત્તિની સાધનાને માટે પ્રશસ્ત પ્રવૃત્તિ એ જ સાચું સાધન છે.

ગ્રંથકાર-પરમર્ષિ એક માત્ર સ્વ-પરના સાચા કલ્યાણના જ હેતુથી જ્ઞાનીઓની આજ્ઞાને અનુસરી ને ફરમાવે છે કે -હે ભવ્ય જીવો । જે સાંભળવા યોગ્ય હોય તેને સાંભળો, જે પ્રશંસાને યોગ્ય હોય તેની પ્રશંસા કરો, જે તજવા યોગ્ય હોય તેનો ત્યાગ કરો, અને જે આચરવા યોગ્ય હોય તેને આચરો !

વિચાર કરી જૂઓ કે- જે આત્મા સાંભળવા યોગ્ય હોય તેને જ સાંભળે, પ્રશંસવા યોગ્ય હોય તેની જ પ્રશંસા કરે, તજવા લાયકનો ત્યાગ કરે અને આચરવા લાયકને આચરવા માંડે તે આત્મા પછી સંસારમાં રહે ખરો? એવો આત્મા ટુંક સમયમં જ મુક્તિને પામ્યા વિના રહે નહિ. પણ આ ચાર આજ્ઞાનો અમલ કરવો એ સહેલું કામ નથી. જ્યાં સુધી સંસારથી ઉદ્વિગ્ન ન બનાય ત્યા સુધી આ આજ્ઞાઓનું પાલન થઈ શકે એ શકય લાગે છે ? નહિ જ । સંસારથી ઉદ્વિગ્ન બન્યા સિવાય અને ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલા મુક્તિ માર્ગ પ્રત્યે સાચા શ્રદ્ધાળુ બન્યા સિવાય આ ચાર આજ્ઞાઓનું જેવું પાલન થવું જોઈએ તેવું પાલન થઈ શકે તેમ છે જ નહિ. સંસારના રસિયા ને માટે તો આ આજ્ઞાઓનું પાલન એ અશકય વસ્તુ જ છે.

આ ચાર આજ્ઞાઓ એ શ્રી જિનશાસનરૂપી મહેલના ચાર પાયાઓ સમાન છે. શ્રી જિનશાસનરૂપી મહેલમાં જેણે વસવું હોય તેણે, આ ચાર પાયાઓને અવિચલ રાખવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. સારીય દ્વાદશાંગીમાં આ ચાર વિભાગ સિવાય બીજું કાંઈ નથી એમ વિવેકપૂર્વક વિચારતાં સમજી શકાય તેમ છે. આ ચાર આજ્ઞાઓને જે સમજ્યો તે શ્રી

જિનેશ્વર દેવના શાસનને સમજ્યો અને આ ચાર આજ્ઞાઓ મુજબ જે જીવ્યો તે શાસનમાં જ જીવ્યો.

ઘર છોડીને અહીં આવવા જેવી દશા ન આવી હોય અને એ દશા લાવવા જેવી છે એમ લાગતું હોય તો બે મિનિટવાળા નિયમનો અભ્યાસ કરવા જેવો છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં થોભી જવું. વિચાર કરવો કે- આ કરણીય છે કે અકરણીય ? અકરણીય લાગ્યા પછી પણ પ્રવૃત્તિ કરવી પડશે તો આત્મા ડંખતો રહેશે. એથી પાપનો તીવ્ર બંધ નહિ પડે અને કરણીય કાર્ય કરવામાં નવો ઉત્સાહ પેદા થશે. અકરણીય પ્રવૃત્તિમાં ધીમા પડી જવાય, ઢીલા પડી જવાય અને કરણીય પ્રવત્તિમાં ધસ્યે જવાય એ સ્થિતિ કેળવવાને માટે આ નિયમ જરૂરી છે.

જ્ઞાનીઓએ આ કાર્યને અકરણીય કહ્યું છે કે કરરણીય કહ્યું છે ? અકરણીય હોય તો મારે કર્યા વિના ચાલે તેમ છે કે નહિ, અને નથી ચાલતું તો કમનસીબ છું કે મારે આ કરવું પડે છે. તેમજ જ્ઞાનીઓએ આને કરણીય કહ્યું છે તો એ કરવામાં હું પાછો ન પડું. બધી શક્તિ અને સામગ્રી એમા ખર્ચું. એ જાતિના વિચારો કરવાની વાત છે. બે મિનિટનો એ વિચાર તો અકરણીય પ્રવૃત્તિને લુખ્ખી બનાવી દે, અને કરણીય પ્રવૃત્તિમાં આત્માને નવી પ્રેરણા આપે. એ માટે આ બે મિનિટવાળા નિયમનો અભ્યાસ કરવા જેવો છે.

હવે સાંભળવા યોગ્ય શું છે, પ્રશંસાપાત્ર વસ્તુ કયી છે. પરિહરવાને યોગ્ય શું શું છે અને આદરવા યોગ્ય શું શું છે એ વસ્તુ ગ્રન્થકાર પરમર્ષિ બતાવે છે.

સો અવ્વાઈ નરાડમર સિવસુહ જણયાઈ અત્થસારાઈ
સવ્વન્નુ ભાસિયાઈ ભુવણમ્મિ પઈટ્ઠિઅ જસા ॥૧॥

સાંભળવા યોગ્ય શું છે ? તો તેમાં ફરમાવે છે કે-જગતમાં જો કોઈપણ વસ્તુ સાંભળવા યોગ્ય હોય તો તે શ્રી સર્વજ્ઞ પરમાત્માના કહેલા વચનો છે. આત્માના હિતને માટે સાંભળવા લાયક વસ્તુ તરીકે એ જ છે. બીજુ સાંભળવું પડે તો યે કચવાતે મને સાંભળવું. એમ થાય કે કયારે એવો પ્રસંગ આવે કે શ્રી જિનવચનો સાંભળવાને મલે અને બીજું સાંભળવાને ન મલે ? એવો દિવસ કયારે આવે એવી ઝંખના શ્રાવકને પણ હોય કે નહિ? એ દશા આવવી જોઈએ કે બીજા વચનો કદાચ કાને આવે તો ય એની અંતરમાં ખોટી

અસર થાય નહિ.

ઘરમાં કુટુંબીઓને કહેવુ કે- એવી વાત કરો કે જે શાસનને અનુસરતી હોય. છેવટ જે વાત શાસનને બાધા કરનારી હોય તે તો કહેશો જ નહિ । આવું કહેશો ને ? જિનવાણીના શ્રવણ વિનાનો એકપણ દિવસ જવો જોઈએ નહિ. અને જે દિ 'શ્રી જિનવાણીનું શ્રવણ ન મલે કે ન થાય તે દિ' ચેન પડવું જોઈએ નહિ. શાસ્ત્ર કહે છે કે જ્યાં શ્રી જિનવાણીનું શ્રવણ કરવા વગેરેની સામગ્રી જ ન હોય ત્યાં શ્રાવકે વસવું જોઈએ નહિ. આ કારણથી સાંભળવા યોગ્ય એક જ વસ્તુ છે કયી ? શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કહેલા વચનો કેમ ? જે કાંઈ સારૂં છે તે સર્વ એમાં છે. જે સારૂં નથી તે શાથી । શ્રી જિનવચનમાં નથી માટે । આથી જ ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે- સઘળાં સુખને પેદા કરનાર શ્રી જિનવચનો છે. શ્રી જિનવચનોના સુખને જે અનુભવે તે મુક્તિએ ગયા વિના રહે નહિ. મુક્તિએ ન જાય ત્યાં સુધી એ ઈચ્છે નહિ તો ય, માનુષી સુખો અને દેવતાઈ સુખો એનો પીછો છોડે નહિ. છતાં ખૂબી એ છે કે- જેમ જેમ માનુષી અને દેવતાઈ સુખો મળે તેમ તેમ આની, એ પ્રત્યેની અરૂચિ વધતી જાય અને જેમ જેમ અરૂચિ વધતી જાય તેમ તેમ મુક્તિ નજદિક આવતી જાય. આથી સમજો કે - શ્રી જિનવચન જેના હૈયે વસ્યા તેના અશુભ દિન ગયા અને શુભ દિન આવ્યા.

ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે- એ શ્રી જિનવચનો "અર્થસાર છે" એ વચનો ગંભીર અર્થોથી ભરેલા છે. અને એથી ત્રણે ભુવનમાં એનો યશ પ્રતિષ્ઠિત થયેલો છે. અલ્પ કાળમાં મુક્તિગામી આત્માઓને, ઘણાં લઘુકર્મી આત્માઓને એ વચનો રૂચ્યા વિના રહેતા નથી. જે આત્માઓને મુક્તિની અભિલાષા હોય, સાચા સુખની અભિલાષા હોય તે આત્માઓએ સમજવું જોઈએ કે- શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં વચનો જ સાંભળવા યોગ્ય છે. અને એથી તે આત્માઓએ એના શ્રવણને ચૂકવું જોઈએ નહિ. ગ્રંથકાર પરમર્ષિએ એજ ફરમાવ્યું છે કે- સાંભળવા યોગ્ય શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કહેલા વચનો છે. કારણ કે એ વચનો નરલોકના સુખના, અમર લોકના સુખના તથા શિવસુખના જનક છે, તેમજ અર્થસાર છે. અને ભુવનમાં પ્રતિષ્ઠિત અર્થવાળા પણ છે. આ રીતે પહેલી આજ્ઞા જણાવીને બીજી આજ્ઞા જે પ્રશંસા યોગ્યની પ્રશંસા કરવી એ છે તેને અંગે પ્રશંસાને પાત્ર કયી કયી વસ્તુઓ છે

તે જણાવે છે.

તાઈં ચિય વિબુહાણં પસંસણિજ્જાઈં તહ ય જાઈં ચ ।
તાહિં ચિય ભણિયાઈં સમ્મત્ત નાણ ચરણા ઈં ॥૨॥

આપણે જોયું કે - સાંભળવા યોગ્ય શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કહેલા વચનો છે. પ્રશંસવા યોગ્ય પણ શ્રી વીતરાગ પરમાત્માએ કહેલા વચનો છે અને શ્રી વીતરાગ પરમાત્માનાં વચનોએજ ફરમાવેલ જે સમ્યગ્દર્શન -સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે પ્રશંસાને પાત્ર છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માના ગુણો છે. સમ્યગ્દર્શનાદિ ત્રણ ગુણો પ્રશંસવા યોગ્ય છે માટે એ ત્રણને ધરનારા પણ પ્રશંસવાને યોગ્ય ઠરે છે. રત્નયત્રીની અનુપમ પ્રકારે આરાધના કરવા દ્વારા અજોડ સામર્થ્ય કેળવીને જે આત્માઓએ રત્નત્રયીને જીવનમાં એકમેક કરી દીધી, તથા જગતના જીવોના કલ્યાણને માટે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને જે આત્માઓએ પ્રદર્શિત કર્યો, તે શ્રી અરિહંત દેવો પ્રથમ નંબરે પ્રશંસાપાત્ર છે. અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ રત્નત્રયીની આરાધના કરવા દ્વારા જે આત્માઓએ પોતાના આત્માની સાથે અનાદિકાળથી લાગેલા કર્મમળને દૂર કર્યો અને જે આત્માઓ શ્રી સિદ્ધિગતિને પામ્યા તે શ્રી સિદ્ધ ભગવાનો પણ બીજે નંબરે પ્રશંસા પાત્ર છે. રત્નત્રયીના આરાધક બનીને એ રત્નત્રયીનો પ્રચાર કરવાનું જે આત્માઓએ બીડુ ઝડપ્યું છે, અને જેઓ શ્રી તીર્થંકરદેવોની ગેરહાજરીમાં શાસનના શિરતાજ પદે રહીને શાસનનું અબાધિત પ્રવર્તન કરી તથા કરાવી રહ્યા છે, તે શ્રી આચાર્ય ભગવાનો પણ ત્રીજે નંબરે પ્રશંસા પાત્ર છે. શ્રી આચાર્ય ભગવાનોની નિશ્રામાં રહી શ્રી જિનેશ્વર દેવોના વચનોને જાણી, હૃદયમાં પચાવી, રત્નત્રયીના આરાધન પૂર્વક જે આત્માઓ રત્નત્રયીનું જ્ઞાનદાન દેનારા છે તે શ્રી પાઠક (ઉપાધ્યાય) ભગવાનો પણ ચોથે નંબરે પ્રશંસા પાત્ર છે. રત્નત્રયીની આરાધનાની પ્રતિજ્ઞા સ્વીકારી, રત્નત્રયીની આરાધનામાં રક્ત રહેવા સાથે, રત્નત્રયીની આરાધના કરવાને ઈચ્છતા ભાગ્યવાન આત્માઓને યથાયોગ્ય પ્રકારે સહાય કરનારા સાધુઓ પણ પાંચમા નંબરે પ્રશંસા પાત્ર છે. આ પછી રત્નત્રયીના આરાધક આત્માઓની સેવામાં રક્ત રહેનારાં, સંસારમાં રહેવા છતાં ય સંસારને બૂરો માનનારા, સંસારને છોડવાની પેરવીમાં પડેલા અને શકયમાં પ્રવૃત્તિ તથા અશકયમાં સદ્દહણા જેવી દશાવાળા શ્રાવક શ્રાવિકા પણ તે પૂરતાં પ્રશંસાને

પાત્ર છે. એજ રીતિએ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની સન્મુખ બનેલા આત્માઓ પણ તે પૂરતાં પ્રશંસાપાત્ર છે. જેમનું જીવન એવું બની ગયું હોય કે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા માર્ગને ઝટ પામે. રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગની સન્મુખ દશાવાળા જાણ્યે અજાણ્યે શ્રી વીતરાગ પરમાત્માના વચનને સામાન્ય પ્રકારે અનુસરતું જેમનું જીવન બન્યું છે, એવા એટલેકે જેમના જીવનમાં શ્રી વીતરાગના સિદ્ધાંતની છાયા જણાય તે । એવા આત્માઓ પણ પ્રશંસાપાત્ર છે. પણ પ્રશંસા કરતા ચકોર બનવું જોઈએ. પ્રશંસા એવી જ રીતિએ થાય કે જેથી એ આત્મા માર્ગ પામે અને બીજા પણ આત્માઓ માર્ગ પામે. કોઈપણ આત્મા ઉન્માર્ગે ચઢી જાય એવી પ્રશંસા નહિ કરવી જોઈએ. પ્રશંસા કરવામાં પણ વિવેક જોઈએ છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલો આત્મા પ્રશંસા કરે તો આટલાની જ કરે પણ એ સિવાયની વસ્તુઓની પ્રશંસા કરે નહિ. રત્નત્રયીમાં જેમ રત્નત્રયીના ધારક આદિ આત્માઓનો સમાવેશ થઈ જાય છે તેમ રત્નત્રયીને પમાડનારી જ્ઞાનીઓએ વિહિત કરેલી સામગ્રીનો પણ સમાવેશ થઈ જાય છે. અર્થાત રત્નત્રયીને પમાડનારી સામગ્રી પણ પ્રશંસા પાત્ર છે. શ્રી વીતરાગ પરમાત્માનો અનુયાયી પ્રશંસા કરે તો તે જ આત્માઓની કરે કે જે આત્માઓ કાંતો સિદ્ધ થયા હોય, કાં તો સિદ્ધ થવાની તૈયારીમાં હોય, કાં તો સિદ્ધ થવાને માટે પ્રયત્નશીલ બન્યા હોય, સિદ્ધ થવાના સાધનને બતાવનાર હોય, કાંતો એ સાધનને સેવનાર હોય અથવા તો એ સાધનના અર્થી હોય, કે એની સન્મુખ દશાને પામેલા હોય. જ્યાં શ્રી વીતરાગના શાસનની છાયા નહિ, ત્યાં શ્રી વીતરાગ પરમાત્માના અનુયાયીની પ્રશંસા હોય જ નહિ. સમ્યક્દષ્ટિ આત્માઓને માટે એ છાપ હોય કે -એ જેની તેની પ્રશંસા કરે નહિ, તેમજ જેમ તેમ પ્રશંસા પણ કરે નહિ, પ્રશંસા કરવામાં પણ એ વિવેકને ચૂકે નહિ.

પ્રશંસામાં ત્રણ વસ્તુ બને.

ગુણની અનુમોદના, ઈતરોને ગુણીનો પરિચય અને એથી ઈતરોને ગુણોની રૂચિ ઉત્પન્ન થવી તે.

જેમાં વાસ્તવિક ગુણની અનુમોદના હોય નહિ અને જે પ્રશંસા ઈતરોમાં ગુણી તથા ગુણ પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરનારી હોય નહિ તે પ્રશંસા સ્વ-પર હિતસાધક થવાને બદલે સ્વ-પર હિતની ઘાતક પણ બને એ

સ્વાભાવિક છે. ગુણ કયા એ ન ભૂલતા - સમ્યક્દર્શન - સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ગુણોને પમાડનારી - ખીલવનારી એ ત્રણે ગુણો પ્રત્યે અભિરૂચિ ઉત્પન્ન કરનારી પ્રશંસા હોવી જોઈએ. એ સિવાયની પ્રશંસા ઉન્માર્ગને પુષ્ટ બનાવનારી છે. શ્રી વીતરાગના શાસનને પામેલા આત્માની સાચી પ્રશંસા, એ સ્વપર અવગુણોને ટાળવાનું અને વાસ્તવિક ગુણોને પેદા કરવાનું ઉત્તમ પ્રકારનું સાધન છે. પોતાની જાતને સારા કહેવડાવવાના ઈરાદે ગમે તેની ગમે તેવી પ્રશંસા કરનારાઓ સ્વપરના હિતને હણનારાઓ છે. પ્રશંસાનો હેતુ એજ હોઈ શકે કે- ગુણો પામવા, ગુણો પમાડવા અને ગુણોને ખીલવવા. આજે મોટા ભાગના લોકો ગુણી આત્માઓથી વિમુખ બની ગયા છે અને ગુણાભાસની પ્રશંસામાં ગુલતાન બની ગયા છે. એ કારણે આજે જગતના જીવોને ઘણું નુકશાન થઈ રહ્યું છે. સાચા ગુણી આત્માઓ પ્રત્યે દુર્ભાવ પેદા થાય, અને ગુણાભાસો પ્રત્યે સદ્ભાવ પેદા થાય એ અકલ્યાણનો માર્ગ છે. આથી તેવી પરિસ્થિતિથી સૌએ બચતા રહેવું જોઈએ. આથી જ કહેવાય છે કે - કોઈની પણ પ્રશંસા સાંભળીને દોરવાતા પહેલા જરા થોભજો જેનામાં મોક્ષની અનેમોક્ષમાર્ગની શ્રદ્ધા ન હોય તેમજ જે ધર્મના તત્વોથી પરાંડ્મુખ બનીને, ધર્મના નામે અધર્મની પ્રવૃત્તિમાં દુનિયાના જીવોને જોડી રહેલો હોય, તેવો કોઈપણ હોય પણ શ્રી વીતરાગ પરમાત્માના અનુયાયીને માટે તે પ્રશંસા પાત્ર નથી જ. પ્રશંસા કરતાં કોઈપણ રીતિએ મિથ્યામતને પુષ્ટિ ન મલી જાય તેની અવશ્ય કાળજી રાખવી જોઈએ.

સાંભળવા યોગ્યને સાંભળવાનો નિયમ હોય તો કોની પ્રશંસા થાય અને કોની પ્રશંસા ન થાય કેમ પ્રશંસા થાય અને કેમ પ્રશંસા ન થાય એનો વિવેક આવ્યા વિના રહે નહિ.

અવગુણોને ટાળવા હોય, ગુણોને પામવા હોય, ગુણોને પામીને ગુણોને ખીલવવા હોય અને બીજા આત્માઓ પણ ગુણોને પામે એવું કરવું હોય તો જેઓ પ્રશંસાને યોગ્ય ન હોય તેઓની પ્રશંસા કરવાના પાપથી સદાને માટે દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમજ પ્રશંસા યોગ્યની જ પ્રશંસા કરવાનો નિયમ ગ્રહણ કરવો જોઈએ : । જે પ્રશંસાથી સમ્યગ્દર્શન -સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગની સીધી કે આડકતરી રીતિએ પુષ્ટિ થાય તેમ હોય તે જ પ્રશંસા ગુણરૂપ છે. એથી ઉલટા પ્રકારની પ્રશંસા એ વસ્તુત :

ગુણ રૂપ નથી પણ દોષ રૂપ છે.

ત્રીજી આજ્ઞા

**પરિહરવા યોગ્યને પરિહરો.** આથી પરિહરવા યોગ્ય કયી કયી વસ્તુઓ છે એ દર્શાવે છે.

પરિહરિ અવ્વાઈં તહા કુગઈવાસસ્સ હેઉભૂઆઈં ।
મિચ્છત્ત માઈ આઈં લોગ વિરૂધ્ધાઈં ય તહેવ ॥૩॥

તથા કુગતિવાસના હેતુભૂત એવા મિથ્યાત્વાદિ પાપો અને તે જ રીતિએ લોકવિરૂદ્ધ કાર્યો એ પરિહરવા યોગ્ય છે. એમ જ્ઞાનીઓ ફરમાવે છે. મિથ્યાત્વાદિ પાપો એ કુગતિના વાસમાં હેતુભૂત હોવાથી તેનો કલ્યાણના અર્થી આત્માએ પરિત્યાગ કરવો એ જરૂરી છે. આશ્રવનાં કારણો કયા ? મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ ચારને ? એ ચાર દુર્ગતિમાં ઘસડી જનારા છે. જે જે આત્માઓ દુર્ગતિમાં ગયા, જાય છે અને જશે તે શાના પ્રતાપે ? આ ચારના પ્રતાપે. આથી સ્પષ્ટ છે કે - જે આત્માઓ દુર્ગતિથી ગભરાતા હોય અને દુર્ગતિમાં જવાનું સર્વથા બંધ થઈ જાય એવી પરમ દશાને પ્રાપ્ત કરવાને ઈચ્છતા હોય, તે તે આત્માઓએ આ ચારનો પરિત્યાગ કરવામાં પ્રમાદી બનવું જોઈએ નહિ. દુર્ગતિની ગભરામણ અને આ ચારમાં મોજપૂર્વકની પ્રવૃત્તિ એ બેનો મેળ કેમ જામે ? દુર્ગતિથી ગભરાયે દુર્ગતિમાં જવાનું નહિ રોકાય, પણ દુર્ગતિમાં ઘસડી જનારા કારણોથી અળગા રહેવાશે તો જ દુર્ગતિમાં જવાનું રોકાશે એ વાત વિવેકીઓ સ્હેજે સમજી શકે તેમ છે. મિથ્યાત્વ કોને કહેવાય ? સ્વમાં પરબુદ્ધિ અને પરમાં સ્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે. આત્મા- આત્માના ગુણો-આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી, તે સિવાયની વસ્તુઓમાં સ્વબુદ્ધિ તથા આત્મા-આત્માનાગુણો અને આત્માનાગુણોને ખીલવનારી જે સામગ્રી તેમાં પરબુદ્ધિ એ મિથ્યાત્વ છે. આત્મા - આત્માના ગુણો અને આત્માના ગુણોને ખીલવનારી જે સામગ્રી તેમાં સ્વબુદ્ધિ અને તે સિવાયની બધી વસ્તુઓમાં પરબુદ્ધિ એ જાતિનો જે વિવેક તે સમ્યક્ત્વ. મિથ્યાત્વ એ દુર્ગણ અને સમ્યક્ત્વ એ સદ્ગુણ. મિથ્યાત્વ દુર્ગતિનું કારણ અને સમ્યક્ત્વ સદ્ગતિનું તથા મોક્ષનું કારણ. આત્મા-આત્માનાગુણો અને આત્માનાગુણોને ખીલવનારી જે સામગ્રી તે સિવાયનું બધુ પર એવા વિવેકને જે આવવા ન દે તે મિથ્યાત્વ. જ્ઞાનીઓ ફરમાવે છે

કે, - દુર્ગતિવાસમાં હેતુભૂત એવું મિથ્યાત્વ એ પરિહરણીય છે.

મિથ્યાત્વ પછી અવિરતિ. અવિરતિ એટલે હિંસકપણાદિની પ્રવૃત્તિથી વિરામ નહિ પામવો તે. અવિરતિ કેટલા પ્રકારની ? બાર પ્રકારની. કયા કયા? પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ કાયનો વધ કરવો, તેના વધથી પાછા ન ફરવું તે અવિરતિના પહેલા છ પ્રકાર બીજા છ પ્રકાર કયા ? પાંચે ઈન્દ્રિયોને અને મનને તાબે થવું તે છ પ્રકાર. એમ છ અને છ બાર પ્રકાર અવિરતિના છે. અને તે મિથ્યાત્વની જેમ તજવા યોગ્ય છે. જયાં સુધી ગાઢ મિથ્યાત્વ ઉદયમાં હોય ત્યાં સુધી આ બાર પ્રકારની અવિરતિ આત્માને વસ્તુત : ખટકે નહિ. ખટકે તો માનવું કે સમ્યક્ત્વ છે. અગર સમ્યક્ત્વની સન્મુખ દશા છે. અવિરતિને તજાય નહિ અને વિરતિનો સ્વીકાર કરી શકાય નહિ એમ બને. મિથ્યાત્વના પરિહારની સાથે જ બધા અવિરતિનો પરિહાર પણ કરી જ શકે અગર કરે જ એવો નિયમ નથી. મિથ્યાત્વનો પરિહાર કરવા છતાં પણ વિરતિનો સ્વીકાર ન પણ કરી શકે પરંતુ મિથ્યાત્વ જાય અને સમ્યક્ત્વ આવે એટલે અવિરતિ ખટકે તો ખરી જ. અવિરતિ પછી આવે છે કષાય.

અવિરતિને પોષવા માટે જે ક્રોધ કરાય-જે માન કરાય- જે માયા સેવાય અને જે લોભ થાય તે કષાય કહેવાય. આત્માના ગુણોને આવરનારા, આત્માના ગુણોને પ્રગટ કરવામાં વિઘ્નરૂપ, એવા કષાયો પણ તજવા યોગ્ય છે.

અવિરતિમાં જે મનનો ઉપયોગ થાય, વચનનો જે ઉપયોગ થાય અને કાયાનો જે ઉપયોગ થાય તે યોગ. ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે- આવા પ્રકારની, યોગોની જે પ્રવૃત્તિ તે પણ તજવા યોગ્ય છે.

જેમ મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ પરિહરવા યોગ્ય છે તેમ લોક વિરૂદ્ધ કાર્યો પણ પરિહરવા યોગ્ય છે. લોક વિરૂદ્ધ કાર્યો કયા કહેવાય એ સમજી લેવા જેવું છે. જે જે કાર્યોનો લોક વિરોધ કરે તે તે કાર્યો ન જ કરવા એવો આનો અર્થ કરવો તે અજ્ઞાન છે. અજ્ઞાન અને મિથ્યામતિ લોકના વિરોધને આધીન થઈ જઈને જો સારી પણ ક્રિયાને તજી દેવામાં આવે તો કોઈપણ આત્મા મુક્તિને પામે જ નહિ. ગાઢ મિથ્યાત્વમાં ફસેલા આત્માઓને અનંતજ્ઞાનીઓએ વિહિત કરેલી અને ભવ્યાત્માઓ દ્વારા

આત્મકલ્યાણની અભિલાષાથી આચરાતી ક્રિયાઓ અજુગતી લાગે તે સ્વાભાવિક છે. સુમતની સામે કુમતનો વિરોધ હોય, એમાં નવાઈ જેવું કાંઈ છે જ નહિ. લોક ગમે તેટલો વિરોધ કરે પરંતુ જે ક્રિયા શ્રી જિનાજ્ઞાનુસારિણી હોય તે ક્રિયાને લોકોના વિરોધ ખાતર તજી દેવી એ ડહાપણ નથી પણ મૂર્ખાઈ છે. કલ્યાણના અર્થીઓએ જોવાનું એ જ હોય છે કે પોતે જે ક્રિયા કરે છે તે જિનેશ્વર દેવોની આજ્ઞા મુજબની છે કે નહિ ? લોક વિરૂદ્ધ કાર્યો તજવા યોગ્ય જ છે, એ શંકા વિનાની વાત છે. પણ લોક જે જે કાર્યોનો વિરોધ કરે તે તે કાર્યો  કરણીય હોય, જ્ઞાનીઓએ વિહિત કરેલા હોય, જ્ઞાનીઓની આજ્ઞા મુજબ થતાં હોય તો પણ તે તજવા જેવા છે એમ ન માનતા : એટલું જ નહિ પણ લોકના વિરોધને ઘોળીને પી જઈને પણ તેવા કાર્યો કરવા જેવા છે, એમ માનજો. સુજ્ઞલોક, જ્ઞાનીઓએ વિહિત કરેલી અને જ્ઞાનીઓની આજ્ઞા મુજબ આચરવામાં આવતી ધર્મ ક્રિયાઓનો વિરોધ કરે જ નહિ. અને અજ્ઞાન તથા મિથ્યામતિ લોક વિરોધ કરે તો તેથી કલ્યાણકારી ક્રિયાઓનો ત્યાગ કરાય નહિ. જેઓમાં આટલો વિવેક નથી અને અજ્ઞાનમાં ફસેલા છે તેઓ જ લોક વિરોધના નામે કલ્યાણકારી ક્રિયાઓને તજે છે, અગર તજવાનું કહે છે. પણ તેમ કરનારા આત્માઓ દયાપાત્ર છે તેમના અજ્ઞાનમાં ફસી ન જવાય એ માટે ચેતતા રહેવા જેવું છે.

ધર્મના અર્થી આત્માઓએ એ લોક વિરૂધ્ધ કાર્યોનો પરિત્યાગ કરવામાં પણ તત્પર બનવું જોઈએ. લોક વિરુધ્ધ કાર્યો તજ્યા હોય તો એ ઉત્તમ વાત છે, અને જો લોક વિરૂધ્ધ કાર્યો થોડે ઘણે અંશે પણ થતાં હોય તો એનો ત્યાગ કરવામાં પ્રમાદને આધીન થવા જેવું નથી. લોક વિરૂધ્ધ કાર્યો કયા કયા છે ?

પરમ ઉપકારી આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પંચાશકજી નામના પોતાના ગ્રંથરત્નમાં ફરમાવે છે કે....

સવ્વસ્સ ચેવ નિંદા વિસેસઓ તહય ગુણ સમિધ્ધાણં ।
ઉજ્જુ ધમ્મ કરણ હસણં રીઢા જણ પૂયણિજ્જાણં ।।૧।।
બહુ જણ વિરૂધ્ધ સંગો દેસાદાચાર લંઘણં ચેવ ।
ઉવ્વણ ભોગો ય તહા દાણાઈ વિ પગડ મણ્ણે તુ ।।૨।।
સાહુવસણમ્મિ તોસો સઈ સામત્થમ્મિ અપડિયારો ય ।
એમાઈયાણિ એત્થં લોગ વિરૂધ્ધાણિ ણેયાણિ ।।૩।।

ભાવાર્થ : સર્વ કોઈની નિંદા કરવી અને વિશેષે કરીને જ્ઞાનાદિ ગુણોની ઋધ્ધિને ધરતા શ્રી આચાર્ય ભગવાન આદિ મહાપુરૂષોની નિંદા કરવી એ પહેલું લોક વિરૂધ્ધ કાર્ય છે. સરલ આત્માઓ ધર્મ કરતા હોય તેમાં વધુ ન સમજવાથી ખામી રહેતી હોય તે જોઈને કે બીજી રીતે એ સરલ આત્માઓની ધર્મ કરણની હાંસી કરવી એ બીજું લોક વિરૂધ્ધ કાર્ય છે.

જનપૂજનીય રાજા આદિની હીલના કરવી એ ત્રીજું લોક વિરૂધ્ધ કાર્ય છે.

બહુજન વિરૂધ્ધનો સંસર્ગ કરવો એ ચોથું લોક વિરૂધ્ધ કાર્ય છે.

દેશાદિના આચારોનું ઉલ્લંઘન કરવું એ પાંચમું લોક વિરૂધ્ધ કાર્ય છે.

ઉલ્બણ ભોગ ભોગવવા એટલે કે પોતાની સ્થિતિ-વય સંયોગ આદિથી અતિરિક્ત પણે ભોગ ભોગવવા તે. તથા અનુચિત દાન એ છટ્ઠુ અને સાતમું લોક વિરૂધ્ધ કાર્ય છે.

અન્યોના મતે કરેલ દાનાદિનું પોતાના સ્વમુખે પ્રકાશન કરવું તે આઠમું લોક વિરૂધ્ધ કાર્ય છે.

સાધુ-પુરૂષો ઉપર દુષ્ટ રાજા આદિ ધ્વારા કરવામાં આવેલી આપત્તિથી તોષ પામવો એ નવમું લોક વિરૂધ્ધ કાર્ય છે. તથા છતે સામર્થ્યે એ આપત્તિનો પ્રતિકાર નહિ કરવો એ દશમું લોક વિરૂધ્ધ કાર્ય છે.

આ વગેરે લોક વિરૂધ્ધ કાર્યો જાણવા જેવા છે અને જાણીને એનો પરિહાર કરવા યોગ્ય છે.

કોઈની પણ નિંદા કરવી એ પહેલા નંબરનું લોક વિરૂધ્ધ કાર્ય છે, ખોટી બુધ્ધિથી, કોઈને ઉતારી પાડવાની બુધ્ધિથી, કોઈને હલકો પાડવાની બુધ્ધિથી, સામાની સાચી પણ વાત કરવી એ નિંદા છે. ક્રોધને આધીન થઈને, લોભને આધીન થઈને, ભયને આધીન થઈને અને હાસ્યને આધીન થઈને કોઈને પણ માટે ખરાબ વાત કરવી એ નિંદા છે. નિંદા કરવાની કુટેવ એ પણ કારમો દુર્ગુણ છે. આ દુર્ગુણ જાય તો ખોટા ઈરાદાથી પાછળ કોઈનીય વાત કરવાપણું રહે નહિ. નિંદાનો દુર્ગુણ જાય તો ખોટા ઈરાદાથી પાછળ કોઈનીય વાત કરવાનું થાય નહિ. નિંદાનો દુર્ગુણ જાય તો ઘણાં દુર્ગુણો ચાલ્યા જાય. અવસરે સામે બોલવાની હામ ન હોય, સામાને સુધારવાની તાકાત ન હોય અને સ્વ-પરના હિતનો પ્રશ્ન ન હોય તો બોલવું નહિ. પાપીથી

બીજાઓને પાપમાં જોડાતાં બચાવવાને બોલવું એ વાત જુદી છે એ નિંદા નથી. પણ સામાને ખરાબ કરવાના ઈરાદે અગર તો પોતાના દુન્યવી સ્વાર્થને માટે અગર મોજ ખાતર કોઈનું પણ ખરાબ કહેવું એ નિંદા છે. નિંદા કરવાથી નિંદા કરનારનો આત્મા મલિન બને કે નહિ ? જેની નિંદા કરો એની સાથે વૈર બંધાય કે નહિ ? વગર કારણે વૈરી ઉત્પન્ન કરવાનું કારણ શું છે ? કોઈને ઉતારી પાડવાને માટે કોઈનીય પાછળથી વાત ન કરવી એમાં કયી મોટી વાત છે ? નિંદા કરવી હોય તો આત્માની કરોને ? પોતાના દોષોની કરોને ? પણ આજે આત્માનો વિચાર કરવો, આત્માના દોષોને જોવા, આત્મહિતની ચિંતા કરવી, એ બધુ તો લગભગ નષ્ટ પ્રાયઃ થઈ ગયું છે. જે લોકોને વાત કર્યા વિના રહેવાય નહિ, અને પોતાના દોષો જોવા નહિ અથવા પોતાના દોષોને છૂપાવવા, અને અછતાં ગુણો પણ પોતામાં છે એવું કહેવડાવવું એટલે કરે શું ? કોકનું ને કોકનું પાનીયું ઉકેલે. જે લોકો આવા લોક વિરૂધ્ધ કાર્યો પ્રેમથી કરે છે અને લોક વિરોધથી ડરીને જ્ઞાનીઓએ વિહિત કરેલી ક્રિયાઓને તજવાનું કહે છે તેઓ ધર્મી તો નથી જ, પણ અધર્મી છે. લોક વિરૂધ્ધ કાર્યોથી જે ડરતો રહે, લોક વિરૂધ્ધ કાર્યો ચાલતા સુધી કરે નહિ, અને જ્ઞાનીઓએ ફરમાવેલી આત્મકલ્યાણની પ્રવૃત્તિ કરતાં લોક વિરોધને ગણે નહિ તે ધર્મી. નિંદાની કુટેવ મટે તો ધર્મ ક્રિયા પણ વધે. દુશ્મનની પણ નિંદા આપણે મોઢે નહિ હોવી જોઈએ. અને કોઈ આપણી પાસે કોઈની નિંદા કરવા આવે તોય ના પાડી દેવી જોઈએ. કહેવું કે ભાઈ ! એ મારો દુશ્મન છે એમ માનીને તું મારી પાસે એની નિંદા કરવા આવ્યો છે. પરંતુ હું તો દુશ્મનાવટને કાઢવાને ઈચ્છું છું. અને જે દુશ્મનનીય નિંદા સાંભળવાને રાજી ન હોય તે બીજાની નિંદા કરે ? આજે ચાર ભેગા થાય તો બીજાના ભલાની વાત કેટલી અને બીજાના ભૂંડાની વાત કેટલી ? આ દુર્ગુણના પરિણામે આજે સારા ગણાતાં કુટુંબોમાં પણ અનાચાર વધતા જાય છે અને સદાચાર ઘટતાં જાય છે. પોતાના દુર્ગુણ જોવા નથી અને પારકાના છતા કે અછતા દુર્ગુણ ગાવાનો આજે ઘણાંને ચડસ લાગ્યો છે.

સર્વ કોઈની નિંદાનો ત્યાગ કરવો જોઈએ અને ગુણ સમૃધ્ધ આત્માઓની નિંદાનો તો વિશેષે કરીને ત્યાગ કરવો જોઈએ. જ્ઞાનાદિ ગુણોની સમૃધ્ધિને ધરતા એવા શ્રી આચાર્ય ભગવાન આદિ મહાપુરૂષોની નિંદાનો

વિશેષતઃ ત્યાગ કરવો જોઈએ. સાચા ગુણોને ધરનારા આત્માઓની નિંદા કરવાની સુઝે ત્યારે સમજી લેવું કે ભાગ્ય પરવારવાની એ નિશાની છે. આ દોષથી આજે ગંભીરતા ગુણ ઉપર મોટે ભાગે દેવતા મૂકાઈ ગયો છે. જ્યાં અછતા પણ દોષો ગાવાની કુટેવ પડી હોય ત્યાં એવાઓ સાચા દોષોને તો જીરવી શકે જ શાના ? નહિતર સજ્જન આત્માઓના હૈયાં તો ગંભીર હોય. સજ્જનોના હેયા એવા ગંભીર હોય છે કે- એનું ઉપમાન સાગરને અપાય છે. સજ્જનોનાં હેયા સાગર જેવા ગંભીર એમ નહિ પણ સજ્જનોનાં હેયા જેવો ગંભીર સાગર એમ કહેવાય છે. આજે આવી સજ્જનતા કેટલામાં હશે?

જેણે પોતાનામાં ગુણો લાવવા હોય, આવેલા ગુણોને ટકાવવા હોય, બને તેટલું આત્માનું ભલું કરવું હોય અને નાહકના પારકાનું ભુડું કરવાના પાપથી બચી જવું હોય તેણે આ દુર્ગુણ અવશ્ય તજવા જેવો છે.

સુજ્ઞ લોક જેને બહુમાને તેને માટે જેમ તેમ ધર્મની આરાધનાનો અર્થી ન બોલે.

ધર્મી આત્માઓ તો લોક વિરૂધ્ધ કાર્યોથી પરાંઙ્મુખ રહે- ડરતા રહે. અને જ્ઞાનીએ વિહિત કરેલા કાર્યોને, અજ્ઞાન કે સ્વાર્થી લોકના વિરોધને આધીન થઈને તજે નહિ. આ રીતિએ કુગતિના વાસમાં હેતુભૂત મિથ્યાત્વાદિ પાપો અને તે જ રીતિએ લોક વિરૂધ્ધ કાર્યો એ પરિહરવા યોગ્ય છે.

જેઓ પોતાના આત્માનો નિસ્તાર કરવાને ઈચ્છતા હોય તેઓએ જેમ સાંભળવા યોગ્ય વચનોને સાંભળવામાં શિથીલ નહિ બનવું જોઈએ તેમ પરિહરવા યોગ્ય કાર્યોનો પરિહાર કરવામાં પણ લેશ પણ પ્રમાદને આધીન ન બનાય તેની કાળજી રાખવી જોઈએ.

હવે ચોથી આજ્ઞા એ છે કે- આચરવા યોગ્યને આચરો. એને અંગે આચરવા યોગ્ય શું છે. તે દર્શાવતાં ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે-

આયરિઅવ્વાઈ અણિસ્સિએણ સમ્મત નાણ ચરણાઈ ।
દોગચ્ચવિઉડણાઈ ચિંતામણિ રયણ ભૂયાઈ ॥૪॥

સામાન્ય રીતિએ એમ કહેવાય કે- જે પરિહરવા યોગ્યથી વિપરીત હોય તે આદરવા યોગ્ય અહીં ફરમાવે છે કે- દુઃખિપણાના વિનાશને કરનાર અને ચિંતામણિ રત્નભૂત એવા સમ્યક્ત્વને-જ્ઞાનને અને ચારિત્રને અનિશ્રિત એવા આત્માએ આચરવા યોગ્ય છે. સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન અને સમ્યક્

ચારિત્ર એ ત્રણની આરાધના જો બરાબર થઈ જાય તો આત્માના દુઃખ માત્રનો નાશ થઈ જાય. પણ એ આચરવા યોગ્ય આચરણા નિશ્રા વિના કરવાનું જ્ઞાનિઓ ઠામ ઠામ વિધાન બાંધે છે. નિશ્રા વિના એટલે કે આ લોક અને પરલોકની પૌદ્‌ગલિક આશંસાથી રહિત પણે । આ લોક અને પરલોકની પૌદ્‌ગલિક અભિલાષાથી ધર્મ કરવાનું વિધાન કોઈપણ શાસ્ત્ર ગ્રંથમાં હોય જ નહિ. આમ છતાં પણ આલોક કે પરલોકની પૌદ્‌ગલિક અભિલાષાથી ધર્મ કરવો એય સારૂં છે એમ કહેનારા અને પોતાના એ વચનની સિધ્ધિને ખાતર શાસ્ત્રના સ્પષ્ટ વિધાનોને પણ ઓળવવાનો પ્રયત્ન અને દ્રષ્ટાંતોનો દુરૂપયોગ કરનારા વાસ્તવિક રીતિએ ધર્મોપદેશકો નથી જ પણ પાપોપદેશકો છે. જેઓ ઉન્માર્ગદેશક બને તેઓ તો કસાઈ કરતાં ય ભૂંડા છે. કસાઈ જે પશુઓને હણે છે તે પશુઓ વગેરેએ એનામાં વિશ્વાસ મુકેલો છે ? જી ના. જ્યારે ઉન્માર્ગ દેશક વિશ્વાસુઓના હિતને પણ હણનારો બને છે. પાસત્થા અને શિથીલાચારી કરતાં ક્રિયાદિમાં સારો હોય તે છતાં પણ જો માર્ગથી વિપરીત કહેનાર હોય તો ભૂંડો. કહેવાનું એ છે કે-સમ્યક્ત્વ.-જ્ઞાન-ચારિત્રને આલોક અગર પરલોકની પૌદ્‌ગલિક લાલસા વિના આશંસા રહિતપણે આચરવા જોઈએ જેથી દુઃખિપણાનો સર્વથા વિનાશ થાય.

## ચાર આજ્ઞાઓ વિષે ઉપસંહાર

સાંભળવા યોગ્ય સાંભળવું, પ્રશંસા યોગ્યની પ્રશંસા કરવી, પરિહાર યોગ્યનો પરિહાર કરવો, અને આચરવા યોગ્યનું આચરણ કરવું એ ચાર આજ્ઞાઓનો પરિપૂર્ણ અમલ એ સાધુતા અને એ ચાર આજ્ઞાઓનાં અમલનો અભ્યાસ એ શ્રાવકપણું.

આથી આ ચાર આજ્ઞાઓ પ્રત્યે સાચો બહુમાનભાવ કેળવી એના અંમલને માટે ઉદ્યત બનવું જોઈએ. આ ચારે આજ્ઞાઓનો અમલ ન થઈ શકતો હોય, પણ અમલ ન થાય તે ખટકતું હોય, તો માનજો કે- હજુ આરાધનામાં પાંગળા છીએ. એ પાંગળાપણું ક્યારે જાય એમ ઈચ્છયા કરવું. અને એ માટે શક્ય પ્રયત્ન કર્યા પણ કરવો એ આત્માના હિતની નિશાની ગણાય છે.

## અપુનર્બન્ધ આત્માઓની દશાના પરિણામોનું વર્ણન

જગતમાં અનંતાનંત આત્માઓને ભવ્ય એવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આ ભવ્યાત્માઓમાંથી અનંતા આત્માઓ આજ સુધીનાં અનંતકાલમાં સાચી સાધના દ્વારા મુક્ત દશાને પામ્યા છે. વર્તમાનમાં સંખ્યાબંધ આત્માઓ સાચી સાધના કરી રહ્યા છે, અને ભવિષ્યના અનંતકાલમાં અનંતા આત્માઓ સાચી સાધના ધ્વારા મુક્ત દશાને પામશે.

નિશ્ચયાત્મક દૃષ્ટિએ કોઈના અનુગ્રહથી કોઈ પોતાના સાધ્યને સિધ્ધ કરી શકતો નથી. નિશ્ચય દૃષ્ટિએ સઘળુંય આત્માએ જ પોતે જ કરવાનું છે. જ્યારે વ્યવહાર દૃષ્ટિએ ઉપકારક આદિની માન્યતા આદિ રૂપ ઉપાસના પણ આવશ્યક છે. કારણ કે શુધ્ધ વ્યવહારની અવગણના કરનારો શુધ્ધ નિશ્ચય દૃષ્ટિને પામી શકતો જ નથી. આત્મા અનાદિકાલીન કર્મ સંયોગથી સુબધ્ધ છે, અને પરિણામી સ્વભાવવાળો છે. એમ માનીને જેઓ પોતાના આત્માને કર્મ સંયોગથી મુક્ત બનાવવાના અર્થી બને છે તેઓ જ અનંત જ્ઞાનના સ્વામી શ્રી જિનેશ્વર દેવોએ ઉપદેશેલા સાચી સાધનાના માર્ગ ઉપર વિશ્વસ્ત બનીને શુધ્ધ વ્યવહારના પાલક બની શકે છે. અને પરિણામે મુક્તિને પામી શકે છે. અનાદિકાલીન કર્મ સંયોગથી આત્માની મુક્તિ એ જ એક સાચું સાધ્ય છે. કારણ કે એ વિના દુઃખ રહિત સંપૂર્ણ અને શાશ્વત એવું જે ઈષ્ટ તેની પ્રાપ્તિ શક્ય નથી. મુક્તિગમનની લાયકાતવાળા પણ આત્માઓ આ સાધ્યનો સ્વીકાર ત્યારે જ કરી શકે છે, કે જ્યારે તેઓની યોગ્યતા કે જેને તથાભવ્યત્વતાની સંજ્ઞાથી ઓળખાય છે. તે પરિપકવતાને પામે. આ સાધ્યને પામવા પહેલા પણ આવા આત્માઓ મુક્તિના અધ્વેષી બને એય તેઓને પ્રાપ્ત થનાર સાધનાની પ્રાપ્તિના સૂચનરૂપ છે.

## અપુનર્બંધક આત્માઓ

પ્રત્યેક આત્મા અનાદિકાલથી પોતાના જ્ઞાનાદિ ગુણોને આવરનારા જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના જડ કર્મોની આવરિત થયેલો હોય છે. નદી-ધોલ. પાષાણ ન્યાયે અધ્યવસાયના બલથી જ્યાં સુધી એ આવરણોમાં મન્દતા આવે નહિ અને મોહનીય આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને પુનઃ નહિ બાંધવા જેવી સુંદર આત્મ દશાને પમાય નહિ, ત્યાં સુધી આત્મા શ્રી વીતરાગ પરમાત્માની સિધ્ધિદાયક ઉપાસના આદિને માટે લાયક બનતો નથી. એવી

દશાને પામેલો આત્મા અપુનર્બંધક એવી સંજ્ઞાથી ઓળખાય છે. એવા આત્માઓ પ્રથમ ગુણસ્થાનકે સાર્થકપણે રહેનારા ગણાય છે.

અપુનર્બંધક આત્માઓ ભયંકર એવા ભય તરફ બહુમાનની દૃષ્ટિવાળા કે તીવ્રભાવથી પાપને આચરનારા હોતા નથી. અને સઘળી જ પ્રવૃત્તિમાં ઔચિત્યને સાચવવાની વૃત્તિવાળા હોય છે. તેઓ મુક્તિના અધ્વેષી હોઈને ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરૂષાર્થોમાં ધર્મને પ્રધાન માનનારા હોય છે. આ દશામાં તેઓ સામગ્રીની અનુકૂળતાના વશે વિવેકાદિને પામીને સાચા સાધ્યને અને એ સાધ્યને સિધ્ધ કરનારા સાધનોને પણ ઘણી જ સહેલાઈથી પામી જાય છે.

## મુક્તિ કોને કહેવાય ?

શ્રી જૈન શાસને સાધ્યરૂપે ફરમાવેલી મુક્તિના સ્વરૂપનું વર્ણન સાંભળવાનો યોગ જો તેઓને પ્રાપ્ત થઈ જાય છે. તો તેઓને એ ખૂબ જ આનંદ ઉપજાવે છે. અને મુક્તિનું આ સ્વરૂપ જ વાસ્તવિક છે. એવી ભાવના પણ પ્રગટવી એ સુસંભવિત બને છે. મુક્તિ એ ગુણાભાવ રૂપ છે. શૂન્યતા રૂપ છે વૈકુંઠમાં મહાલવા રૂપ છે. અગર તો પરમાત્મામાં લીન બની જવા આદિ રૂપ છે. એવું શ્રી જૈનશાસન ફરમાવતું જ નથી. શ્રી જૈનશાસન ફરમાવે છે કે- આત્મા પોતાના મૂળભૂત સ્વરૂપને સર્વથા આવરણ રહિત બનાવી દે, જડ કર્મના સંયોગથી પોતાને સર્વથા રહિત બનાવી દે, એનું જ નામ મુક્તિ છે. આત્મા પોતાના સ્વરૂપમાં જ સદાને માટે સુસ્થિત બને એ ત્યારે જ સંભવિત છે, કે જ્યારે આત્માની સાથે અનાદિકાલથી પ્રવાહરૂપે સંલગ્ન બનેલ સઘળાંય કર્મોનો ક્ષય થાય. કર્મોના સંબંધથી જ આત્માનું સ્વરૂપ તિરોભૂત છે. અનંતજ્ઞાન આદિ ગુણમયતા એ જ આત્માનું સ્વરૂપ છે, અને એ ગુણો જ્ઞાનાવરણીય આદિ કર્મોથી આવરિત હોઈને આત્માનું સ્વરૂપ તિરોભૂત થયેલું હોય છે. આત્માના આ તિરોભૂત સ્વરૂપનો સંપૂર્ણ આર્વિભાવ કરવા ધ્વારા નિજ સ્વરૂપમાં સદાને માટે સુસ્થિર બનવું એનું જ નામ મુક્તિ છે. !

## વિવેકનું અર્થિપણું

મુક્તિનું આ સ્વરૂપ યથાર્થ લાગવાથી એની પ્રાપ્તિની અભિલાષા પ્રગટવી એ સહજ છે. મુક્તિના આ સ્વરૂપ પ્રત્યેની રૂચિથી આત્માની અર્થ-

કામ પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ ચલિત થવા માંડે છે. શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ, એ તારકોની આજ્ઞાનુસાર સંસારને તજીને મહાવ્રતાદિના સ્વીકાર દ્વારા સંયમ સાધનામાં ઉજમાળ બનેલા સદ્‌ગુરૂઓની સેવા, અને દાન-શીલ-તપ અને ભાવ રૂપ ધર્મના અનુષ્ઠાનો-એ પ્રત્યે તેઓનો આદર વધતો જ જાય છે. આમ અર્થ-કામ પ્રત્યેની ઉપાદેય બુધ્ધિ ચલિત થવાથી અને પરમાત્માની ભક્તિ આદિ સદનુષ્ઠાનો પ્રત્યેની આદર બુધ્ધિ વૃધ્ધિગત થવાથી એ આત્માઓ એવા સુંદર પરિણામના સ્વામી બને છે કે જે પરિણામના યોગે આત્માને લાગેલ કર્મોમાં રાજા તરીકે ગણાતું મોહનીય કર્મ વિશેષ શિથિલતાને પામતું જાય છે. મોહનીય કર્મના પણ અનેક પ્રકારો છે. એમાં મિથ્યાત્વ મોહનીય નામનો પ્રકાર તો અતિશય ભયંકર છે. કારણ કે વસ્તુને યથાસ્થિત સ્વરૂપે માનવામાં તે બાધા ઉપજાવે છે. યથાર્થ કોટિની મુક્તિ પ્રતિ આકર્ષાયેલા અને સદનુષ્ઠાનોમાં આદરવાળા બનેલા અપુનર્બંધકતાને પામેલા આત્માઓની જીવ-અજીવ આદિ સઘળા જ પદાર્થોના સાચા સ્વરૂપને જાણવાથી ઈચ્છા પણ અતિશય તીવ્ર બનતી જાય છે. એથી પૌદ્‌ગલિક પદાર્થોનો ઉત્કટ લોભ અને એના યોગે વેગ પામનાર ઉત્કટ માયા-ઉત્કટ માન અને ઉત્કટ ક્રોધ કે જે અનંતાનુબંધિ કષાય તરીકે ઓળખાય છે તે ઘટવા માંડે છે. સાથે વસ્તુને યથાર્થ સ્વરૂપે ઓળખી શકવામાં વિઘ્ન કરનાર મિથ્યાત્વ મોહનીયનું જોર પણ અતિમંદ બનતું જાય છે. દેવગુરૂ અને ધર્મના પણ નિરાબાધ સ્વરૂપને જાણવાનો એ આત્મા ઉત્કટ અર્થી બને છે. ટૂંકમાં મુક્તિ પ્રત્યેનો દ્વેષ જવાથી થતી સાધના આત્માને સુંદર સામગ્રી મેળવી આપે છે. અને મુક્તિના સાચા સ્વરૂપ પ્રતિ આકર્ષિત થતાં જે સાધના થાય છે તે આત્માને વસ્તુમાત્રનો વાસ્તવિક ખ્યાલ પમાડનાર વિવેકનો અર્થી બનાવે છે.

આ અર્થીપણાના પ્રતાપે એ સાધક આત્માઓને, આત્મસ્વરૂપને તિરોભૂત બનાવી રાખનાર અને નિજ સ્વરૂપના આવિર્ભાવમાં અતિશય અંતરાય ભૂત-રાગ અને દ્વેષ ઉપર દ્વેષ જાગૃત થાય છે. એ દ્વેષ એ આત્માઓમાં એવા ઉત્તમ કોટિના શુધ્ધ નિર્મલ પરિણામને પ્રગટાવે છે કે જેના યોગે આત્માની ઉત્કટ રાગ-દ્વેષમય દશા શૈથિલ્ય પામતી જાય છે. આત્માની ઉત્કટ રાગ-દ્વેષમય દશાને દુર્ભેદ્ય ગ્રંથી કહેવાય છે. એ ગ્રંથિનો

ભેદ થયા વિના જીવાદિ પદાર્થોના યથાવસ્થિત સ્વરૂપ પ્રત્યે શંકાદિથી રહિત રૂચિ જન્મતી નથી. આ રૂચિ જન્મ્યા વિના કોઈપણ સાધક મુક્તિ પ્રાપક અનુષ્ઠાનોને સમ્યક્ પ્રકારે સેવી શકતો નથી. વસ્તુને વસ્તુ સ્વરૂપે જાણવાની ઉત્કટ ઈચ્છા એ રૂચિ પ્રગટાવવામાં ખૂબ જ સહાયક નિવડે છે.

## સમ્યગ્દર્શન અને તે આત્માની સમજ

રાગાદિ શત્રુઓ ઉપર આખરી વિજય મેળવીને તથા પ્રકૃષ્ટ પુણ્યોદયથી જે તારકોએ ત્રણ જગતની યોગ-ક્ષેમંકર નાથતાને સાર્થક બનાવનાર ધર્મતીર્થની સ્થાપના કરી હોય છે. તે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા જીવાદિ તત્વોને તેના સાચા સ્વરૂપમાં રૂચિયુક્ત કરવાની એક શક્તિ વિશેષ જન્મે છે. આ શક્તિને જ શ્રી જૈનશાસનમાં સમ્યગ્દર્શન કહેવાય છે.

આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી આત્મા પોતે કોણ છે, અને પોતાનું કર્તવ્ય શું છે એ વગેરે બરાબર સમજી શકે છે. મુક્તિ એજ પોતાનું સંપૂર્ણ સ્વરૂપ છે, એવો પાકો નિશ્ચય થવામાં એ આત્માને હવે કશો જ અંતરાય નડતો નથી. એ સમજી શકે છે કે- આ જે રૂચિ મને જન્મી છે એજ મારી સિધ્ધિપદની સાધનાનું આદિ સ્વરૂપ છે. આ રૂચિ જો સુરક્ષિત થાય તો મારૂં અનંતજ્ઞાન સ્વરૂપ ખુલ્લું થયા વિના રહેવાનું નથી. એ સ્વરૂપને પ્રગટ કરવાને માટે મારે અર્થ અને કામ કે જે સર્વ પ્રકારે હેય છે, તેના ઉપરની આસક્તિનો સર્વથા નાશ કરવો પડશે. એના નાશ માટે દેવ તરીકે શ્રી વીતરાગ પરમાત્માની જ અને તે પણ વીતરાગ થવાની ભાવનાથી જ સેવા કરવી પડશે. અર્થ-કામની આસક્તિને તજી-ઘર બાર આદિ સઘળાય બાહ્યભાવોનો પરિત્યાગ કરી-પાંચ મહાવ્રતોના ધારક બની-ધારણ કરેલ પાંચ મહાવ્રતોના પાલનમાં ધીર થઈ-સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રની સાધનામાં જ સજ્જ રહી શુધ્ધ માધુકરી વૃત્તિથી જ- પોતાના પરમ શુધ્ધ સંયમ જીવનનો નિર્વાહ કરતા, અને સહવાસમાં આવતા કોઈપણ યોગ્ય આત્માને એક ધર્મનો જ ઉપદેશ આપતા, એવા સદ્ગુરૂઓની જ, એવા બનવાને માટે ઉપાસના કરવી પડશે. સામર્થ્ય પ્રગટયું હોય તો તરત જ નહિ તો સામર્થ્ય પ્રગટાવીને પણ મારે સાચા નિગ્રંથ બનીને શુધ્ધ સંયમની સાધના કરવી પડશે. આત્માની આવી ભાવનામય જે ઉત્તમ દશા એ આત્માનું ચતુર્થ

ગુણસ્થાનકવર્તિ પણું છે.

આ ગુણસ્થાનકે આવેલા આત્માઓ બરાબર સમજી શકે છે કે- જેવું સાધ્ય હોય તેવા જ સાધનો હોવા જોઈએ. મારૂં સાધ્ય છે સિધ્ધિપદની સાધના. મુક્તિ એ એનો જ પર્યાય છે, અને એનું સ્વરૂપ છે. આત્મા એ પોતાના શુધ્ધ સ્વરૂપમાં શાશ્વત કાલ રહેવું । એ આત્માનું શુધ્ધ સ્વરૂપ છે. અનંતજ્ઞાન - અનંતદર્શન-અનંતચારિત્ર અને અનંત સુખ એ અનંત ગુણમય આત્માનું મુખ્ય સ્વરૂપ છે. આ સ્વરૂપની પ્રાપ્તિમાં સાધન એ જ હોઈ શકે કે જે એને પ્રગટાવવામાં સહાયક હોય.

શુધ્ધ સ્થિરતા રૂપ અનંત ચારિત્રને પામ્યા વિના આત્માનું ઈષ્ટ એવું સુખ કે જે દુઃખના લેશ વિનાનું, સંપૂર્ણ અને સદાસ્થાયી છે તેની પ્રાપ્તિ શક્ય નથી. એ માટે અહિતકર પ્રવૃત્તિઓના નિરોધરૂપ અને હિતકર પ્રવૃત્તિઓની પ્રવૃત્તિરૂપ જે ચારિત્રરૂપ સાધન, તેની સાધના કર્યા વિના ચાલવાનું નથી. એવા સચ્ચારિત્રની આરાધના માટે સમ્યક્તત્વજ્ઞાન અતિશય જરૂરી છે. અને એ જ્ઞાન આ સમ્યક્દર્શન વિના સાધ્ય નથી. આથી સમ્યક્ચારિત્રની સાથે સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનની પણ સાધના મારા માટે અતિશય આવશ્યક છે.

જ્ઞાન જેમ પ્રથમ રત્ન છે, તેમ દર્શન એ બીજું રત્ન છે, અને ચારિત્ર એ ત્રીજું રત્ન છે. શ્રી જિનના કહેલા તત્વોના જ્ઞાનથી જ કામ સરતું નથી પણ એ તત્વો ઉપર રૂચિ એ જ કામ કરનારી વસ્તુ છે. અને એ રૂચિને સમ્યક્શ્રધ્ધાન્ એટલે કે સમ્યક્દર્શન કહેવાય છે. શાક અને અન્નાદિના સ્વરૂપનો જાણ પણ રૂચિ વિના તૃપ્તિ લક્ષણ તેના ફલને પામતો નથી. એ જ રીતિએ શ્રુતજ્ઞાનને ધરનારો પણ જો તે શ્રી જિનેશ્વર દેવોએ કહેલા તત્વો-ઉપર રૂચિ વિનાનો હોય છે તો વિવક્ષિત ફલને પામતો નથી. શ્રી જિનોક્ત તત્વોમાં રૂચિ એનું જ નામ સમ્યક્દર્શન છે.

એ સમ્યક્દર્શનની પ્રાપ્તિ બે રીતિએ આત્માને થાય છે. એક નિસર્ગથી અને બીજું અધિગમથી. નિસર્ગ એટલે સ્વભાવ. જેમાં ગુરૂના ઉપદેશ આદિની અપેક્ષા નહિ. એ પણ સમ્યક્ શ્રધ્ધાનમાં કારણરૂપ થાય છે. આ નિસર્ગહેતુક સમ્યક્ત્વને સમજવા માટે પણ ઘણી ઘણી વસ્તુઓને સમજવી આવશ્યક છે.

સદ્ગુરૂના ઉપદેશ આદિ સિવાય જ કર્મની લઘુતાથી શુભ પરિણામના

યોગે ગ્રંથીભેદ થવાથી જે સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે, તે નિસર્ગહેતુક સમ્યક્દર્શન કહેવાય.

નિસર્ગહેતુક સમ્યક્દર્શનને પામનારા આત્માઓ સિવાયના સઘળાય પ્રાણિઓને સદ્‌ગુરૂના ઉપદેશને અવલંબીને જે કર્મલઘુતા આદિ થઈને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે, તે સમ્યક્દર્શન અધિગમ સમ્યક્દર્શન કહેવાય છે.

ખરેખર આ સમ્યક્દર્શન એ સઘળાય ગુણોનું મૂળ છે. આના વિના ગુણો પણ સાચા સ્વરૂપમાં ગુણની કક્ષામાં નથી આવતા. એજ કારણે ઉપરકારિઓ ફરમાવે છે કે- યમ અને પ્રશમને જીવાડનાર સમ્યક્દર્શન છે. જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યક્દર્શન છે, અને તપ તથા શ્રુત આદિનો હેતુ પણ સમ્યક્દર્શન છે. એમ અનંતજ્ઞાનીઓએ ફરમાવેલું છે. ચારિત્ર અને જ્ઞાન વિનાનું પણ દર્શન શ્લાધ્ય છે. પરંતુ મિથ્યાત્વથી દૂષિત એવા જ્ઞાન અને ચારિત્ર શ્લાધ્ય નથી. જ્ઞાન અને ચારિત્રથી હીન એવા પણ શ્રી શ્રેણીક મહારાજા ખરેખર સમ્યક્દર્શનના મહાત્મ્યથી તીર્થંકરપણાને પામશે. ચારિત્ર અને જ્ઞાનને નહિ ધરનારા એવા પણ પ્રાણિઓ, જે સમ્યક્દર્શનના પ્રભાવથી અસમ સુખના નિધાનરૂપ મોક્ષને પામે છે. અને જે સમ્યક્દર્શન સંસાર સાગરથી પાર પામવાને માટે પોત (વહાણ) સમું છે, તથા દુઃખરૂપી કાન્તારને સળગાવી મૂકવાને માટે દાવાનલ સમું છે. તે એક સમ્યક્દર્શન નામના રત્નનો આશ્રય કરો.

સમ્યક્દર્શનનો આ મહિમા સાચા મુમુક્ષુઓને મુગ્ધ બનાવે એવો છે. કારણ કે સાચા મુમુક્ષુઓ યમ-પ્રશમ, જ્ઞાન અને ચારિત્રના અજોડ અર્થિઓ હોય છે. જીવનમાં પ્રાપ્ત થયેલ યમ અને પ્રશમને જીવંત રાખવાને માટે સમ્યક્દર્શનની અનિવાર્ય આવશ્યકતા છે. સમ્યક્દર્શન વિના યમ કે પ્રશમ વાસ્તવિક નથી હોતા. અને જે યમ કે પ્રશમ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કારણભૂત બને એવા નથી હોતા તે તો એક જાતિના દુશ્મનની જ ગરજ સારનારા હોય છે. ઘોર મિથ્યાદષ્ટિઓના યમ અને પ્રશમ એ પણ એક જાતિના મોહના જ પ્રતિનિધિઓ હોય છે.

ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ કરનારો યમ અને કષાયો ઉપર અટકાવ ધરનારો પ્રશમ, સમ્યક્દર્શનની પ્રાપ્તિવાળા અથવા તો સમ્યક્દર્શનની સન્મુખ

દશાવાળા આત્માઓમાં જ સાચા સ્વરૂપે હોય છે. એથી ભિન્ન જાતિના આત્માઓ તો એ યમ અને પ્રશમના નામે પણ મોહની જ ઉપાસના કરનારા હોય છે.

વળી સમ્યક્દર્શનના મહિમાને સાંભળીને મુમુક્ષુઓ યમ કે પ્રશમ તરફ, જ્ઞાન કે ચારિત્ર તરફ અને તપ કે શ્રુત આદિ તરફ બેદરકાર નથી બનતા, પણ ઉલ્ટા ઉદ્યમવંત બને છે. યમ-પ્રશમના જીવાતુને એટલે જીવનદાતા ઔષધતુલ્ય સમ્યક્દર્શનને પામીને યમ-પ્રશમના અનર્થી બનાય એ શક્ય જ નથી. જ્ઞાન અને ચારિત્રના બીજને પામવા છતાં પણ જ્ઞાન અને ચારિત્ર મેળવવાની તીવ્ર લાલસા ન જન્મે એ પણ શક્ય જ નથી. તપ અને શ્રુત આદિના હેતભૂત સમ્યક્દર્શનને પામ્યા પછી પણ, તપ અને શ્રુત પ્રત્યે સાચી રૂચિ આદિ ન જન્મે એ શક્ય જ નથી.

જે દર્શન સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રતિ આત્માને રસિક નથી બનાવતું તે સમ્યક્દર્શન જ નથી.

## સાધર્મિક ભક્તિ

તમારે શ્રી જિનપૂજાદિ ધર્મને દીપાવવો હોય તો વ્યવહારમાં પણ પ્રમાણિકતા કેળવવી પડશે. અને સાધર્મિક વાત્સલ્યને દીપાવવું હોય તો સાધર્મિક ભક્તિ કેળવવી પડશે. વળી સામગ્રીના અભાવે ધર્મથી દૂર રહેતા આત્માઓને ધર્મ ક્રિયામાં જોડવા માટે જેમ યોજનાઓ ઘડવી પડશે, તેમ ધર્મના દ્વેષી બનેલાઓને દૂર પણ કાઢવા પડશે. કૂતરાની દયા થાય પરંતુ હડકાયા કૂતરાની દયા સારા કૂતરાની માફક શી રીતિએ થાય ? એને તો એક ઓરડીમાં ગોંધી પણ રાખવું પડે, ખાવાનું પણ આઘેથી નાખી શકાય, પણ સાથે લઈને ન જ ફરાય. લાકડા કાપનારા ભીલો આવે છે તે પણ શું કરે છે ? લાકડામાંથી ગાંઠો અલગ કાઢે છે. સામો કહે કે-કેમ આમ ? તો કહે કે-એ તો મડદા બાળવા રાખવાની. ઉંદર બધા ચાલે પણ પ્લેગના ઉંદરને એ રીતિએ રખાય ? નહિ જ. કારણ કે એ મરે અને મારે એવા બની જાય છે. આથી લોકો કાં તો એને ઘરમાંથી બહાર કઢાવે છે અગરતો જાતે ઘર છોડીને ચાલ્યો જાય છે. માટે સમજો કે-ડાહ્યો પહેલા નંબરે ભોઠ પણ ચાલે, પરંતુ ઉઠાવગીર હોય તે ન ચાલે. સાધર્મિક ભક્તિ કરનારે આ બધું યથા

યોગ્ય રીતિએ કરવું પડે. પણ સામગ્રીના અભાવે જ જે ધર્મક્રિયા ન કરતો હોય તેને બાતલ ન કરાય !

## સાધર્મિક ભક્તિ બે પ્રકારની

૧ દ્રવ્યથી અને ૨ ભાવથી. બહારના સાધનોથી ભક્તિ કરવી એ દ્રવ્યથી ભક્તિ કહેવાય, અને ઉન્માર્ગે જતાં બચાવી સન્માર્ગમાં સુસ્થિત કરવો એ ભાવથી ભક્તિ કહેવાય શ્રાવકોએ એ બન્ને પ્રકારે ભક્તિ કરવી જોઈએ. ભયંકર ગરીબીમાં પણ સંતોષ આવ્યો તેને ધર્મનો પ્રતાપ માનનારા મેં જોયા છે. અને એવા ભક્તિ કરનારા પણ જોયા છે કે કોઈને ખબર પણ ન પડે એ રીતની ભક્તિ કરે. આ થઈ દ્રવ્ય ભક્તિ. એકલી દ્રવ્ય ભક્તિથી પણ ન ચાલે. સાધર્મિકોને ઉન્માર્ગથી બચાવવાના પણ પ્રયત્ન કરવા જોઈએ. આત્મહિત નાશક માર્ગે જતાં બચાવવાનો અને આત્મહિત સાધક માર્ગે યોજવા વગેરેનો પ્રયત્ન કરવો એનું નામ ભાવભક્તિ છે.

ધર્મ પોતાનામાં નથી આવ્યો, કુટુંબમાં પણ પેદા નથી કર્યો, એના કારણે સાચું બોલતા નથી. શું બોલીએ ? મુંઝવણ થાય છે

અરે ! મુંઝવણ થતી હોય તો તો સારૂં. મુંઝવણમાં તો આતુરતા હોય.-જાણવાની વૃત્તિ હોય-સાંભળવાની તેવડ હોય-પણ આ મુંઝવણને બદલે કાંઈક બીજું જ હશે. દોષો નિભાવવા છે અને કોઈને જાણવા દેવા નથી. જીવનમાં દરેક ક્ષણે ધર્મની જરૂર માનનાર છેલ્લી ક્ષણ સુધી વ્યાપારમાં મસ્ત રહે એ બને ? માટે દીકરાને શીખવીને જજો કે જીવનની કોઈપણ ક્ષણે ધર્મને ભૂલીશ નહિ. એ દીકરાની સાચી તપાસ કહેવાય

## સાધર્મિક ભક્તિ શી રીતે કરવી જોઈએ ?

સામાન્ય દ્રવ્ય ભક્તિ તો સૌ રોજ કરી શકે. શ્રી જિનપૂજા એ જેમ શ્રાવક માટે રોજની કરણી છે તેમ સાધર્મિક ભક્તિ એ પણ શ્રાવક માટે રોજની કરણી છે. સાધર્મિક ભક્તિ બની શકે તો સૌની, નહિતર શક્તિ મુજબ કરવી જોઈએ.

સંયોગ હીનતાના કારણે, તેના યોગે ધર્મકરણી ન કરી શકતો હોય, પણ ધર્મનો અવિરોધી હોય, ધર્મ કરવાની વૃત્તિવાળો હોય, તો તે પુણ્યના યોગે જૈનકુલમાં જન્મેલો હોઈ સાધર્મિક તરીકે ગણાઈ શકે.

પેઢીઓ વાળાઓ તો એ સારી રીતિએ કરી શકે. પોતાની પેઢીમાં પ્રાયઃ દરેક માણસ શ્રાવક જ હોય. નોકરી રાખતા રાખતા પણ કહે કે ભાઈ! હું કમતાકાત છું કે તને બદલા વિના નથી આપી શકતો, માટે તારી પાસે નોકરી કરાવવી પડે છે. પણ હું તને એટલી સગવડ આપું છું, અને ખાસ પ્રેરણા આપું છું કે, તું તારી ધર્મ ક્રિયાથી પરવારીને અહીં આવજે. નોકરી ખાતર ધર્મક્રિયા ચૂકીશ નહિ. ધર્મ ક્રિયા કરવા માટે જેટલો સમય તું પેઢી ઉપર ઓછો આવીશ તેટલા સમયનો પગાર હું બહુ રાજી થઈને આપીશ. પેઢીવાળાઓ આ રીતિએ પણ સાધર્મિક ભક્તિ જરૂર કરી શકે અને મોટો લાભ ઉઠાવી શકે. પણ પાછા એ ન ભૂલશો કે - પેઢીમાં નોકરી આપવી એ સાધર્મિક ભક્તિ નથી. પરંતુ નોકરી રાખવા છતાં ધર્મકરણી કરવાની સગવડ કરી આપવી એ સાધર્મિક ભક્તિ છે. આજથી પ્રતિજ્ઞા કરો કે શક્તિ મુજબ સાધર્મિક ભક્તિ કરવી અને ખોટા ખર્ચા ઘટાડવા ! પણ એ આદેશનો અમલ તમે એકદમ કરી શકો એ શકય છે ? આદેશ તો જેને થતો હોય એને જ થાય. બધાને નહિ-આદેશ થાય ? હા ઉપદેશ પણ થાય અને અવસરે યોગ્યને યોગ્ય આદેશ પણ થાય. તમે એમ કહી દો કે આપ જે કહો તે કબૂલ મંજૂર છે, અને મને લાગે કે- આ આદમી કોઈ પણ ભોગે કલ્યાણકારી આદેશનો અમલ કર્યા વિના નહિ જ રહે, તેમજ આદેશ કરવામાં જ તેનું કલ્યાણ છે, તો હું કહી દઉં કે આમ કરો ! પણ તમે સમર્પિત બનો ત્યારે જ આ વિચારવાનું છે ને ! તમે એમ કહો કે -અમને આપ રસ્તો બતાવો. આપ જેમ કહો તેમ વર્તવું છે તો તમારી યોગ્યતા જોઈને યોગ્ય આદેશ હું જરૂર કરૂં : એટલે ઉપદેશ કરતાં અને આદેશ કરતાં યોગ્યતા જોવી પડે છે. સંજોગો જોવા પડે છે.

હવે ત્રીજી વાત. જે પેઢીવાળા ન હોય તથા જેમના રસોડે એક કુટુંબ પણ પોષાય તેમ ન હોય તેવા પણ સાધર્મિક ભક્તિ કરી શકે છે. રોજ અથવા જ્યારે બને ત્યારે સાધર્મિકને જમાડી શકે છે. ભક્તિ યથાશક્તિ કરવાની છે પણ શક્તિ ગોપવવાનીય નથી. જ્યારે જ્યારે કોઈ નવીન સાધર્મિક મળે ત્યારે ત્યારે એની બહુમાનપૂર્વક ભક્તિ કરી શકાય.

હવે ચોથી વાત-કદાચ એમ પણ ન બને તો પ્રસંગે પ્રસંગે શક્તિ મુજબ બને તેટલા સાધર્મિકોને આમંત્રણ કરવું. તેઓ આવે ત્યારે તેમની

સામે જવું. તેઓ આવ્યા માટે પોતાને અહોભાગી માની તેમના હાથ-પગ ધોવા. શક્તિ મુજબ પહેરામણી કરવી. આ રીતિએ પણ સાધર્મિક ભક્તિ થઈ શકે છે. અને દરેકે શક્તિ મુજબ કરવી પણ જોઈએ. પણ આવા બહુમાનથી ભક્તિ કયારે થઈ શકે ? જ્યારે હૃદયમાં બરાબર એમ જચી જાય કે- સાધર્મિક ભક્તિ એ કોઈ વ્યક્તિની ભક્તિ નથી પણ ધર્મની ભક્તિ છે ત્યારે. એવું જચ્યા વિના સાધર્મિક પ્રત્યે સાચું બહુમાન આવશે નહિ. અને એવું બહુમાન આવ્યા વિના સાધર્મિકની જે રીતિએ ભક્તિ થવી જોઈએ તે રીતિએ થઈ શકશે નહિ. ખરીવાતતો એ છે કે-બહુમાન વિનાની ભક્તિને ભક્તિ જ કહી શકાય નહિ. આ થઈ દ્રવ્ય ભક્તિની વાત.

જે દિવસે આ સ્થિતિ આવશે, જે દિવસે પેઢીવાળાઓ ધર્મકાર્યની સગવડ કરી આપવા માટે પોતાને ત્યાં જૈનોને જ સ્થાન આપીને ધર્મની આરાધના માટે પ્રેરણા સાથે સગવડ કરી આપતા થશે, જે દિવસે મોટા રસોડાએ છેવટ સાધર્મિકોનું એક એક કુટુંબ પણ ભક્તિના કારણે પોષાતું હશે, જે દિવસે ખોટા ખર્ચા કમી કરીને બને તેટલા વધુ શ્રાવકોની રોજ ભક્તિ થતી હશે, જે દિવસે થોડી શક્તિવાળાઓ પણ કોઈ નવીન સાધર્મિકની કે પ્રસંગે પ્રસંગે બને તેટલા સાધર્મિકોની ભક્તિ કરતા થઈ જશે, તે દિવસે જૈન સમાજની જાહોજલાલી કોઈ જુદી જ હશે. એવા સમયે એક પણ જૈન માટે ભૂખની બૂમ નહિ પડતી હોય, પરંતુ સાધર્મિકોની ભક્તિને માટે શોધ ચાલતી હશે. તે દિવસે સાધર્મિક વાત્સલ્યો અપૂર્વ રીતિએ દીપતા હશે, અને એવા શ્રાવકોની વ્યવહાર શુદ્ધિ જગતમાં જૈન ધર્મને દીપાવતી હશે. જૈન ધર્મને દીપાવવા ઇચ્છનારે અને જૈન ધર્મની જાહોજલાલી વધારવા ઇચ્છનારે આ પણ કરવાની જરૂર છે ! પણ આવી દશા લાવવા માટે ધર્મ પ્રત્યેની સાચી ભક્તિ કેળવવાની જરૂર છે.

## સાધર્મિકની ભાવ ભક્તિ

પહેલી ભાવ ભક્તિ :-

સાધર્મિક ઉન્માર્ગથી વિમુખ બન્યો રહે, અને સન્માર્ગે સુસ્થિત બને એ માટેનો પ્રયત્ન કરવો એ સાધર્મિકની ભાવ ભક્તિ છે. પહેલી ભાવ ભક્તિ એ છે કે-સાધર્મિક ધર્મકૃત્યને ભૂલી ગયો હોય તો તેની તેને યાદ

આપવી અર્થાત્ ધર્મ કૃત્યમાં ઉલ્લાસમાન થવાની પ્રેરણા કરવી.

બીજી ભાવ ભક્તિ :-

જે કોઈ સાધર્મિક કુસંસર્ગ આદિ અકૃત્યમાં ફસાયા હોય તેને મીઠા શબ્દોથી વારવા તેમને કહેવું કે- આવો ઉત્તમ સંયોગ પામીને આપના જેવા પુણ્યશાલિએ માનવ જન્મને નિષ્ફળ કરવા રૂપ કુસંસર્ગનો ત્યાગ કરવો જોઈએ અને સુસંસર્ગ કરી જેટલી જેટલી કુત્સિત કાર્યવાહીઓ હોય તેનાથી બચી જવું જોઈએ.

ત્રીજી ભાવ ભક્તિ :-

જે કોઈ સાધર્મિક પ્રમાદની બહુલતાથી નિયમમાં સ્ખલના પામતા હોય તેમને ઠપકો આપીને પણ સત્પ્રવૃત્તિમાં તેઓ અપ્રમત્તપણે મગ્ન રહે તેમ કરવું. અર્થાત તેમને કહેવું કે શ્રાવક કુલમાં ઉત્પન્ન થયેલા એવા તમને શું આ રીતિએ વર્તવું એ યોગ્ય છે ? આવા પ્રકારના ઉપાલંભ આપવો.

ચોથી ભાવ ભક્તિ :- સત્કૃત્યથી ખસી જતા સાધર્મિકને નિષ્ઠુર વાકયો કહેવા દ્વારા પણ જરૂર પડયે ગાઢતર પ્રેરણા કરવી. એને એમ પણ કહેવું કે-આવી ઉચ્ચ સામગ્રી પ્રાપ્ત કરીને પણ તું આવી રીતિએ વર્તે છે. માટે તને ધિક્કાર છે. તારા જન્મને ધિક્કાર હો !

આ ચારે પ્રકારે સાધર્મિકની ભાવભક્તિ કરવાની છે. પહેલા પ્રેરણા કરે, પછી મીઠા શબ્દોમાં સંભળાવે (સમજાવે) તે છતાં પ્રમાદ વશ બને તો ઠપકો આપીને પણ સુધારવા પ્રયત્ન કરે, અને તેમ છતાં પણ ઠેકાણે ન આવે તો તારા જન્મને ધિક્કાર છે ! ઈત્યાદિ નિષ્ઠુર વાકયોથી પણ ઉપાલંભ આપીને સુધરે એવો પ્રયત્ન કરે, આ રીતિએ ભાવ ભક્તિ કરવાની છે. બીજાની વાત તો દૂર રહી પણ આજે તમારા ઘરેથી એ પ્રવૃત્તિની શરૂઆત કરો !

હવે ઉન્માર્ગે જતાં સાધર્મિકોની વાત. ઉન્માર્ગ કોને કહેવાય ? મિથ્યાત્વ-અવિરતિ-કષાય-મન-વચન-કાયાનું પરમાં જોડાણ, રાત્રિભોજન, અપેયપાન, અભક્ષ્યભક્ષીણ વગેરેને ઉન્માર્ગ કહેવાય. તેમજ વ્યાપારાદિમાં કારમી અપ્રમાણિકતા, વ્યવહારમાં અણછાજતી અશુદ્ધિ વગેરે પણ ઉન્માર્ગ છે ને ! કારમી અનીતિ કરવી, કુશીલીયા થવું, અને ગમે તેમ ખાવું, પીવું એ પણ એક જાતિનો સાચા જૈન માટે તો ઉન્માર્ગ છે ને ! જો હા, તો એમાંથી

પણ સાધર્મિકોને અવશ્ય બચાવવાના છે ને ! પરંતુ તમે તમારા સંતાનોને ય કયાં બચાવો છો ! એને કદિ કહ્યું કે બેટા અનીતિ ન થાય, પ્રપંચ ન થાય- બે ભાવ ન થાય- કુશીલીયા ન થવાય. રોજ શ્રી જિનપૂજાદિ ન કરે તો એ ન ચાલે. આ વગેરે કહેવા જોગું કહ્યું ? બેટાના મોહમાં બેટાને ઉન્માર્ગે ન જ જવા દેવાય. મીઠા શબ્દોથી સમજાવાય. કડવા શબ્દોથી ઠપકો અપાય, અને હૃદય ભેદી શબ્દોમાં પણ ગાઢતર પ્રેરણા થઈ શકે.

ખરેખર જે પુણ્યાત્માઓ આવી રીતિએ દ્રવ્યથી અને ભાવથી સાધર્મિકોની ભક્તિ કરે છે તેઓ પણ ધર્મને ટકાવનારા છે અને ચોવીશે કલાક જીવનમાં ધર્મની જરૂર માનીને વ્યવહારમાં શુદ્ધિ કેળવી ધર્મ પ્રવૃત્તિમાં વિધિ મુજબ વધતા જ રહેનાર ધર્મને દીપાવનારા છે.

## સાત ભયોને હરનારા ભગવાન

શ્રી પાર્શ્વ : શ્રેયસે સોડસ્તુ નાગેન્દ્રો યં નિખેવતે ।
સપ્તભિતિચ્છિદે સપ્ત, મૂર્તિ : સપ્તસ્ફટા છલાત ॥૧॥

ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામિજી કલ્યાણને માટે હો ! એમ કહેતાં આ સ્તુતિમાં એ તારકની નાગેન્દ્રે કરેલી ભક્તિને યાદ કરી છે. નાગેન્દ્રની ભક્તિનો પ્રસંગ ટૂંકમાં ખ્યાલ આપવામાં આવે છે. ભગવાન શ્રી તીર્થંકર દેવોના આત્માઓ જે ભવમાં સમ્યક્ત્વને પામે છે તે ભવથી એ તારકોના ભવોની ગણના કરવામાં આવે છે એ મુજબ ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામિજીનો પ્રથમ ભવ શ્રી મરૂભૂતિ તરીકેનો હતો શ્રી મરૂભૂતિને કમઠ નામનો એક મોટો ભાઈ હતો. શ્રી મરૂભૂતિની ગેરહાજરીનો અને શ્રી મરૂભૂતિની પત્નની માનસિક નિર્બળતાનો ગેરલાભ લઈને શ્રી મરૂભૂતિનો મોટો ભાઈ કર્મઠ શ્રી મરૂભૂતિની પત્ની સાથે અસદાચાર સેવતો હતો. કોઈપણ પ્રકારે કમઠની પત્નીને આ વાતની જાણ થઈ ગઈ, અને તેણી પોતાના પતિના તે અનાચારને સહી શકી નહિ. પોતાના પતિને અનાચારમાંથી ઉગારી લેવાને અસમર્થ અને ઈર્ષ્યાદિકથી પીડાતી તે કમઠની પત્ની જ્યાં શ્રી મરૂભૂતિ હતા ત્યાં પહોંચી, અને શ્રી મરૂભૂતિને પોતાના પતિના અનાચારની એ વાત જણાવી. શ્રી મરૂભૂતિએ પણ પ્રચ્છન્નપણે રહીને એ વાતની ખાત્રી કરી, અને ખાત્રી થવાથી શ્રી મરૂભૂતિ એકદમ કોપાયમાન બની ગયા. એ રીતિએ

કોપાયમાન બનેલા શ્રી મરૂભૂતિ દ્વારા રાજાને પણ એ વાતની જાણ થઈ ગઈ અને એથી રાજાએ પણ ખૂબ ગુસ્સામાં આવી જઈને કમઠને ઘણી જ ખરાબ રીતિએ નગરની બહાર કાઢી મૂકયો. અત્યંત અપમાન અને તિરસ્કાર પામેલો કમઠતો તરત તાપસ બની ગયો, પરંતુ આવેશ મુક્ત બનતાં શ્રી મરૂભૂતિને પોતાના મોટાભાઈના એ પરાભવમાં પોતે નિમિત્ત બની ગયા, એ વાત પોતાના અંતઃકરણને પીડવા લાગી. અને એથી તેમણે સાફ દીલથી પોતાના મોટાભાઈની માફી માગી લેવાનો નિર્ણય કર્યો. રાજાએ નિષેધ કરવા છતાં પણ, શ્રી મરૂભૂતિ તો પોતે કરેલા નિર્ણય મુજબ પોતાના મોટાભાઈ કમઠની માફી માગવા માટે કમઠ જ્યાં તાપસ રૂપે રહ્યો હતો ત્યાં ગયા, શ્રી મરૂભૂતિ તો ક્ષમાયાચના કરીને કર્મઠને શાંત કરવાને માટે ગયા, પણ કમઠનો આવેશ તો ઉછાળા મારી રહ્યો હતો. શ્રી મરૂભૂતિ પ્રત્યે કર્મઠના હૈયામાં એટલો બધો રોષ પ્રગટયો હતો કે-માફી માગતા અને પગે પડેલા એવા પણ પોતાના નાનાભાઈ શ્રી મરૂભૂતિનો કમઠે તેજ વખતે એક મોટી પથ્થરની શીલા દ્વારા નિર્દયપણે નાશ કરી નાખ્યો. આ રીતિએ શ્રી મરૂભૂતિને મારી નાખવા છતાં પણ ક્રૂરાત્મા કર્મઠનો વૈરભાવ ઉપશમને પામ્યો નહિ. આથી ભવે ભવે તે કમઠનો આત્મા ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામિજીના આત્માને પ્રસંગ પ્રાપ્ત થયે ઉપદ્રવો કરવા લાગ્યો. અને એથી બંધાતા પાપકર્મના યોગે દુર્ગતિમાં ભટકવા લાગ્યો. ભગવાનનો આત્મા તો કમઠના વૈરભાવ જન્ય પ્રહારોને સહતે સહતે અંતિમભવે શ્રી પાર્શ્વનાથ તરીકે ઉત્પન્ન થયો. શ્રી મરૂભૂતિનો આત્મા જે કાલમાં શ્રી પાર્શ્વનાથ તરીકે ઉત્પન્ન થયો તે કાલે નરકાદિમાં ભમી ભમીને કમઠનો આત્મા કઠ નામનો તાપસ બન્યો હતો. એક વાર કઠનામનો તે તાપસ પંચાગ્નિ તાપ તપતો હતો. નગરજનો એ તાપસની ભક્તિ માટે તે જ્યાં હતો ત્યાં જઈ રહ્યા હતા. રાજકુમાર પણામાં રહેલા શ્રી પાર્શ્વનાથ ભગવાને નગર લોકોને તાપસની ભક્તિ માટે જતા જોયા, એટલે પોતે પણ ત્યાં ગયા. ભગવાન ત્યાં પહોંચ્યા ત્યારે કઠ નામના તાપસે પાસેના અગ્નિકુડમાં નાખેલા કાષ્ઠની અંદર એક સર્ણ સળગી રહ્યો હતો. ભગવાને તે સળગતા સર્પને જોઈને કઠ તાપસને દયા ધર્મનો ઉપદેશ આપ્યો. પણ તે તેને રૂચ્યો નહિ. ભગવાને તેના રોષને ગણકાર્યા વિના પોતાના નોકર દ્વારા તે સર્પને

બહાર કઢાવી નવકારમંત્ર સંભળાવવા દ્વારા નાગેન્દ્ર બનાવ્યો. આ બનાવથી કઠને અપમાન લાગ્યું, પણ કાંઈ કરી શકયો નહી. તે તાપસ મરીને મેઘમાળી નામનો મેઘકુમાર દેવ થયો. ભગવાને જ્યારે સંયમ લીધું અને એકવાર છદ્મસ્થ અવસ્થામાં વિચરતા હતા તે સમયે, એક નગરની પાસેના તાપસ આશ્રમે પધાર્યા. અને એક કુવાની પાસેના વૃક્ષનીચે ધ્યાન મગ્ન રહ્યા. એ વખતે મેઘકુમાર બનેલા કમઠના આત્માએ પોતાનો પૂર્વભવ જાણ્યો. ભગવાન પ્રત્યે વૈરભાવ તાજો થયો. તે કોપાયમાન બનીને પ્રભુ જ્યાં હતાં ત્યાં આવીને ઉપસર્ગો કરવા લાગ્યો. ભગવાન ચલાયમાન થયા નહિ, તેમ તે વધારે કોપાયમાન બનવા લાગ્યો. ત્યારે છેલ્લે મેઘને વિકૂર્વીને પ્રભુને ભયંકર કોટિનો જલોપસર્ગ કર્યો. એ ઉપસર્ગમાં ભગવાન નાસાગ્ર પાણીમાં જે વખતે ડૂબ્યા તે વખતે નાગેન્દ્રનું આસન કંપ્યું. તે આસન કંપના નિમિત્તથી ભગવાન ઉપરના ઉપસર્ગને અવધિજ્ઞાન દ્વારા જાણીને નાગેન્દ્ર પોતાની પટ્ટરાણી દેવીઓની સાથે વેગથી ત્યાં આવ્યા, કે જ્યાં પ્રભુ ધ્યાન મગ્ન હતા. ભગવાનને નમસ્કાર કરીને તે ભોગીન્દ્રે ભગવાનના પાદની નીચે કેવલજ્ઞાનીના આસન જેવુ એક દીર્ઘનાળવાળું ઉંચું કમલ રચ્યું. એટલું જ નહિ પણ પોતાના શરીર દ્વારા ભગવાનની પીઠને, બન્નેય પાસાને અને છાતીને સુરક્ષિત કરીનેતે ધરણેન્દ્રે ભગવાનના મસ્તક ઉપર પણ સાત ફણાથી છત્ર કર્યું. આ પ્રમાણે નાગેન્દ્રે ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામિજીની ભક્તિ કરી છે. એ વાતને યાદ કરીને - સાત ફણાના છલથી સાત મૂર્તિવાળા બનેલા નાગેન્દ્ર સાત ભયોના છેદને માટે જે પ્રભુને સેવે છે તે શ્રી પાર્શ્વનાથ ભગવાન કલ્યાણને માટે હો !

નાગેન્દ્રે જે પ્રકારે ભગવાનના દેહની રક્ષા કરી હતી તે પ્રકાર એમ સૂચવે છે કે- વસ્તુત : તો નાગેન્દ્ર પોતા ઉપરના સાત ભયોનો નાશ કરવાને પ્રભુભક્તિ રૂપ પ્રયત્ન કરી રહ્યા હતા. એવી અહીં કલ્પના કરવામાં આવી છે. ખરેખર દેવ અને ગુરૂની આપત્તિ આદિના સમયે રક્ષા કરવી એ પણ વસ્તુત : તો પોતાના આત્માની જ રક્ષા કરવા બરાબર છે. દેવ-ગુરૂ આદિની ભક્તિભાવથી રક્ષા કરનારાઓ રક્ષાને પામ્યા વિના રહેતા જ નથી. અહીં જે કલ્પના કરવામાં આવી છે તે એ રીતિએ સાચી પણ છે, કે-અભયના દાતા એવા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ભક્તિભાવે સેવાથી, સેવા કરનારા

પુણ્યાત્માઓના સાતેય ભયો છેદાયા વિના રહેતા જ નથી. ઈહલોકભય-પરલોકભય-આદાનભય-અકસ્માતભય-આજિવિકાભય-મરણભય અને અપયશભય એમ ભય સાત પ્રકારના ગણાય છે. આ સાત પ્રકારના ભયોમાં આજિવિકાભય-મરણભય અને અપયશભય એ ત્રણ પ્રકારના ભયો તો સામાન્યપણે સમજી શકાય તેવા છે. મનુષ્યને મનુષ્યથીભય એ ઈહલોકભય-મનુષ્યને દેવાદિકથીભય તે પરલોકભય, મનુષ્યને ધનાદીકના ગ્રહણનોભય તે આદાનભય, અને મનુષ્યને બાહ્ય નિમિત્તની અપેક્ષા વિના પણ ભય લાગે તે અકસ્માતભય કહેવાય છે. આ વાત મનુષ્યોને આશ્રયીને કહેવામાં આવી છે.પણ દેવો અને તિર્યંચોને પણ સાત ભયો હોય છે અને તે પણ આ રીતિએ સમજી લેવાના છે. આ સાત ભયો આત્માને કેટલા હેરાન કરે છે તે કહેવાની જરૂર છે ? નહિ જ. કારણકે તમારો એ અનુભવનો વિષય છે. જ્યાં ભય હોય ત્યાં નિયમા દુઃખ હોય.જ્યાં દુઃખ ન હોય ત્યાં ભય પણ ન જ હોય. આથી દુઃખથી બચવાને માટે ભય રહિત અવસ્થાને પ્રાપ્ત કરવી જોઈએ. અને સાચા પ્રકારે ભયથી રહિત એવી અવસ્થાને પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય એ જ છે કે-ભગવાન શ્રી જિનેશ્વર દેવોની દ્રવ્યથી અને ભાવથી પોતપોતાના અધિકાર આદિ મુજબ ભક્તિ કરવી. શ્રી ધરણેન્દ્રે તો એવી ભક્તિ કરી કે જે ભક્તિને અનેક મહાપુરૂષોએ ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામિજીની સ્તવના આદિમાં યાદ કરીને તેની અનુમોદના કરી છે.

આ રીતે નિર્મળ ભક્તિ દ્વારા સૌ કોઈ અનંતસુખના સ્વામી બનો. એજ.....

O O O

## પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૦-૦૦ |
| ૨. | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩. | નવતત્વ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૬-૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫. | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૩-૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી(બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ-૧ તથા ૨ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૮. | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨. | કર્મગ્રંથ-૬ ભાગ-૫ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૨૩. | કર્મગ્રંથ-૬ - ભાગ-૬ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪. | કર્મગ્રંથ-૬ ભાગ-૭+૮ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૭-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ | | ૧૪-૦૦ |
| ૧૧. | ધર્મને ભજો આશાતના તજો | | ૭-૦૦ |
| ૧૨. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |
| ૧૪. | કલિકાળના કોહિનૂર (જૈનેતરની દષ્ટિએ) | | ૧૪-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૬ : વિવેચન - ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮. | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

પદાર્થ દર્શન ટ્રસ્ટ

આશ્રમ રોડ, અમદાવાદ